

આત્મા પરમાત્મા સ્વરૂપ જ છે. પરમાત્મા તારી પાસે જ છે. અરે! તું જ પરમાત્મા છો. એની સામું તો જોતો નથી ને ધૂળમાં ફાંફા મારે છો? સંતોએ મારગ સહેલો કરી દીધો છે, તું છો ત્યાં જા! તું નથી ત્યાંથી ખસી જા! —પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

કહાન સંવત-૪ [ ૪૯૨ ] * આત્મધર્મ * [ અંક-૪ વર્ષ-૪૧ ] ઓકટોબર ૧૯૮૪

# ❋ વિરલ સત્પુરુષ ❋

પૂર્વ મહાપુરુષોની શિષ્ય પ્રશિષ્ય પરંપરામાં તેઓના નિર્દોષ અને પવિત્ર માર્ગ વિશે પ્રવર્તતા એવા કોઈ કોઈ વિરલ સત્પુરુષ આ કઠણ કાળમાં આજે પણ પ્રત્યક્ષ મળી આવે છે. તે સતપુરુષ કેવા છે?-જેમ કુલાચલ પર્વત પૃથ્વીને ધારણ કરે છે છતાં પૃથ્વી પ્રત્યે નિર્મોહ છે. તેમ સત્પુરુષ પણ પૃથ્વીવાસી જીવોને તેમના જ હિત વિશે લગાવી તેમનું પોષણ કરે છે છતાં તે જીવો પ્રત્યે નિર્મોહ છે.

વળી તેઓ સમુદ્રની જેમ રત્નોના નિધિ છે, જેમ સમુદ્ર બહુમૂલ્ય મોતી આદિ રત્નોની ખાણ છે, છતાં વાંછા રહિત છે. તેમ સતપુરુષ પણ સમ્યગ્દર્શનાદિક અનેક ગુણરત્નોની ખાણ છે અને વળી ધનાદિ વાંછા રહિત છે.

વળી આકાશની જેમ અલિપ્ત છે. આકાશ અન્ય સર્વ પદાર્થોથી અસ્પૃશ્ય અને અલિપ્ત છે, છતાં તેની વિભુતા અને પરમ મહત્તા તો એ છે કે તે સર્વ જગતનું વિશ્રાંતિ સ્થાન છે; અને એ જ તેનું વડપણ છે. તેમ સતપુરુષ પણ સર્વ જગતના દુ:ખને દૂર કરવાનું ઠેકાણું છે છતાં તે સર્વ જગત અને જગતનાં ભાવોથી અલિપ્ત છે; એ જ એનું પરમ મહત્વ છે.

એવા કોઈ કોઈ વિરલ સત્પુરુષ આજે પણ મળી આવે છે.

—શ્રી આત્માનુશાસન

* આ જે મહારાજ સાહેબનો યોગ મળ્યો છે—તે પરમ યોગ છે, કેમ કે પરમ સ્વભાવની પ્રાપ્તિનું કારણ છે. મહારાજ સાહેબ જગદ્ગુરુ છે. તેઓ એકલા સિદ્ધલોકમાં જતા નથી, ઘણા જીવોને સાથે લઈને જશે. અહીંના અધિકાંશ લોકો સાથે જવાવાળા છે.

—પૂજ્ય ચાલભાઈ સોગાની

—૦—

કહાન
સંવત-૪
વર્ષ-૪૧
અંક-૪
[ ૪૯૨ ]

વીર
સંવત
૨૫૧૦
A. D. 1984
OCT.




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# કહાન-ગુરુ-પ્રસાદ

૦ પર્યાયદૃષ્ટિવાળો જીવ દયા દાન પૂજા ભક્તિ યાત્રા પ્રભાવના આદિ અનેક પ્રકારના શુભભાવોનો કર્તા થઈ, બીજા કરતાં પોતે કાંઈક અધિક છે એવો અહંકાર કરતો થકો મિથ્યાત્વભાવને દૃઢ કરે છે અને નિશ્ચયસ્વરૂપ મોક્ષમાર્ગને લેશમાત્ર પણ જાણતો નથી.

૦ પરકી તો ક્યા બાત, અધિકાર તો યહાં રાગકા ભી નહીં. જો રાગકા અધિકારી હોતા હૈ, વો દ્રવ્યકા અધિકારી નહીં, શુભાશુભ ભાવોંકા સ્વામી હૈ, વો આત્માકા અધિકારી નહીં.

૦ ખરેખર તો જમીનને પગ અડ્યો જ નથી, જમીનના આધાર વિના જ પગના પરમાણુ ગતિ કરી રહ્યાં છે. અહો! આ તે કઈ દુનિયાની વાત છે! અહો! ખરેખર તો જ્ઞાનસ્વરૂપ આત્મા પરના અવલંબન વિના જ નિરાધારપણે જ કામ કરે છે, એવો પોતાનો સ્વભાવ જાણ્યો, એ પરને પણ એ જ રીતે નિરાધારપણે પરિણમતા જાણે છે.

૦ આત્માને માટે કાંઈક એની પાછળ પડવું જોઈએ, આનું રટણ કરવું જોઈએ. જાગતાં, ઊંઘતા એનો પ્રયત્ન જોઈએ. એની રુચિનો પ્રકાર સરખો થવો જોઈએ. અંદરમાં પરમેશ્વર કેટલો મહાન છે! એને જોવાનું કુતૂહલ જાગે તો જોયા વિના ચેન ન પડે.

૦ 'सद्दव्वाओ सुगई परदव्वाओ दुगई।' (મોક્ષપાહુડ ગાથા ૧૬) ભગવાન ત્રણલોકના નાથની ભક્તિનો રાગ ઊઠવો તેને પણ દુર્ગતિ કહે છે. શુભરાગથી સ્વર્ગ, શેઠાઈ મળે છે, એ પણ પરમાર્થે દુર્ગતિ છે; સુગતિ તો એક મોક્ષ જ છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જાય એ દુર્ગતિ છે એમાં ચૈતન્યની સુગતિ નથી. નિજ ભગવાન આત્મા ઉપર લક્ષ જાય એ એક જ સુગતિ છે.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

# * ધન્ય તે દિવસ .... *

જ્ઞાની ચૈતન્યની શોભા નિહાળવા માટે કુતૂહલબુદ્ધિવાળા —આતુર હોય છે. અહો! તે પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓની દશા કેવી હશે કે અંદર ગયા તે બહાર આવતા જ નથી! ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે. ૧૩૨.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

'જ્ઞાની ચૈતન્યની શોભા નિહાળવા માટે કુતૂહલબુદ્ધિવાળા-આતુર હોય છે.'

ધર્મી જીવ સમકિતી હોય છે, તેની દૃષ્ટિ જ્ઞાયક ઉપર હોય છે. ત્રિકાળ જ્ઞાયક-સ્વભાવ જે અનંત અનંત ગુણરત્નોથી ભરેલો ચૈતન્યરત્નાકર છે અને અનંત અતીન્દ્રિય આનંદનો સાગર છે, તે જ્ઞાયક પ્રભુની જેને દૃષ્ટિ થઈ છે, પર્યાયબુદ્ધિ ગઈ છે, વર્તમાન એક અંશની રાગબુદ્ધિ ટળીને અંતર દૃષ્ટિમાં જેને ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપનો નિર્વિકલ્પ સ્વીકાર થયો છે તેને ભગવાન સમ્યગ્દૃષ્ટિ એટલે ધર્મની પ્રથમ શરૂઆત-વાળો કહે છે. અહીં તો, તેનાથી આગળ વધી ને, કહે છે: જ્ઞાની ચૈતન્યની શોભા નિહાળવા ઉત્સુક છે. જેમ શરીર પર રત્નના દાગીના પહેરે અને શોભા લાગે, તેમ ભગવાન આત્મા સહજ જ્ઞાન, સહજ આનંદ અને સહજ વીર્ય આદિ અનંત ગુણ-રત્નોથી સુશોભિત છે. અનંત ગુણના અલંકારથી જે શોભિત છે એવા નિજ જ્ઞાયકની દિવ્ય શોભા નિહાળવા માટે જ્ઞાની કુતૂહલબુદ્ધિવાળા હોય છે.

જેમ કોઈ નવીન ચીજ જોવાની હોય તો કુતૂહલ થાય છે કે—અહા! આ કેવી છે? આમાં શું છે? તેમ ચૈતન્ય—ભગવાન આત્મા—જ્ઞાયક જેને પહેલાં દૃષ્ટિમાં આવ્યો છે, જ્ઞાનમાં જણાયો છે અને અનુભવમાં આવ્યો છે એવા ધર્મી જીવ અંતર ચૈતન્યની પૂર્ણતાને નિહાળવાની—જોવાની—કુતૂહલબુદ્ધિવાળા હોય છે. અહા! આ જ્ઞાયક તે શું છે!—એમ તેનો અંદરનો ગુણવૈભવ જોવાને આતુર હોય છે.

જેમને આત્મજ્ઞાન થયું છે, આત્મજ્ઞાનમાં અનંત આનંદ આદિ ગુણરત્નોથી ભરેલા ચૈતન્યરત્નાકરનો નિર્વિકલ્પ અનુભવ થયો છે એવા જ્ઞાની ધર્માત્મા, તેને વિશેષ અનુભવવા માટે, તેમાં આગળ વધવા માટે, કુતૂહલબુદ્ધિ કરે છે કે—અરે! આ શું છે—કે જેના ગુણનું માપ નહિ, એકેક ગુણની અમાપ અમાપ અનંત શક્તિ!

એ જોવાને આતુર હોય છે. અંદરમાંથી બહાર નીકળવું. અરે! શુભમાં આવવું તે પણ, સંસાર અને બંધન છે. ચૈતન્ય સ્વયંભૂ રત્નાકર જ્ઞાન આદિ ગુણરત્નનો આકર—દરિયો છે, તેને સ્વાનુભવજ્ઞાન દ્વારા અંદરમાં જોવાને જ્ઞાની આતુર છે; તેમાંથી બહાર નીકળવું તે તેમને ગોઠતું નથી.

'અહો! તે પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓની દશા કેવી હશે કે અંદર ગયા તે બહાર આવતા જ નથી!'

પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓને—જે રાજકુમાર હોય, ચક્રવર્તીના પુત્રો હોય, અરે! ચક્રવર્તી પોતે હોય તેમને—આત્મજ્ઞાન ને અનુભવ તો હોય છે, પણ વિશેષ અંદર જવા માટે, અંદરમાં આત્માને વધારે નિહાળવા માટે, ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને વનમાં એકલા ચાલ્યા જાય છે. અહાહા! વનમાં અંદરના ચૈતન્યદેવને નિહાળવા જાય છે. વનમાં ચારે બાજુ સિંહ વાઘ ત્રાડો નાખતા હોય, બહાર ઘનઘોર અંધારાં હોય, ચારે કોર ઝાડને ઝેરી સર્પો વીંટળાયેલા હોય, ત્યાં, જે નિધિ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં જણાણી તેનો વિશેષ અનુભવ કરવા અંદર આત્મામાં ઊતરી જાય છે. અહો! એ મહાપુરુષાર્થી મહાજ્ઞાનીઓની દશા! જેમને બહારનું જોવાનું છૂટી ગયું છે, અંતરમાં જોવાને આતુર છે, તેઓ પછી બહાર આવતા જ નથી. તે મહાજ્ઞાનીઓની દશા કેવી હશે! અહા! અંદર આનંદસ્વરૂપમાં જામી ગયા તે, પછી બહાર શુભ વિકલ્પમાં પણ આવતા નથી; અશુભ ભાવમાં તો નહિ પણ શુભ ભાવમાં ય આવતા નથી.

જેમને આત્માના આનંદનો રસ લાગ્યો છે તે આનંદરસના ઘૂંટડા પીવા અંતરમાં જાય છે. કેવી છે તે દશા? અંદર ગયા તે ગયા; ચૈતન્યમાં—જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેયની અભેદ ત્રિપુટીમાં—ગયા તે ગયા. તે અંદર ગયા પછી બહાર આવતા જ નથી; બહાર આવે તો શુભ વિકલ્પ ઊઠે છે. ચાહે તો ભગવાનની ભક્તિનો, વ્રત-તપનો કે દયા આદિનો વિકલ્પ ઊઠે, પણ તે તો સંસાર છે, બંધનું ને ભવનું કારણ છે. પાપના પરિણામની તો શી વાત કરવી? તે તો સંસારનો મોટો રાફડો છે, તેમાં મોટા ઝેરી સર્પો છે, તે એકલો ઝેરનો સ્વાદ છે; પણ અહીં તો શુભ ભાવમાં આવવું તેને પણ ઝેરીલો સ્વાદ કહે છે.

ચિદાનંદસ્વરૂપ પ્રભુ આત્માને જેમણે અંતરના જ્ઞાનમાં જોયો, આનંદનો અનુભવ લીધો, એવા જે મહાપુરુષાર્થી મહાજ્ઞાનીઓ તે અંદરમાં ગયા તે ગયા! અહાહા! અંદરમાં ગુમ થયા તે બહાર આવ્યા જ નહિ. જે અંદરમાં જામી ગયા છે એવા સમ્યગ્દૃષ્ટિને પણ બહારના વિકલ્પમાં આવવું 'ગોઠતું નથી.' આ મહામુનિરાજ તો

તો નિર્વિકલ્પ પરિણતિ દ્વારા અંદરમાં જામી ગયા છે તેમાંથી તે બહાર 'આવતા જ નથી.'

'ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે.'

ધન્ય તે દિવસ! ને ધન્ય તે પળ! કે જ્યારે આવવું જ ન પડે,—એવી જ્ઞાની સમકિતીને ભાવના હોય છે. જે બહારના વિકલ્પના હોંશીલા છે, જેને બહારની સેવા કરવી છે, જેને જગતના લહાવા લેવા છે તે, 'જગત માટે એકાદ ભવ વધારે કરવો પડે તો વાંધો નહિ' એમ માનવાવાળા તો મૂઢ છે, મિથ્યાદષ્ટિ છે. દુનિયામાં ગણતરી થાય, મોટપ મળે, પોતાની મહત્તા કરવી, તે તો બધા દુઃખના રસ્તા છે. મોક્ષમાર્ગ તો વીતરાગી ભાવ છે. વીતરાગ ભાવ તો અંતરમાં ગુપ્ત થઈ જાય ત્યારે થાય. ચોથે ગુણસ્થાને પણ અંતરમાં જેટલો એકાકાર થયો તેટલી તેને વીતરાગતા આવી, એટલો મોક્ષનો માર્ગ શરૂ થયો છે. અંદરમાં વિશેષ જતાં તો એવો ઠરી ગયો કે બહાર આવ્યો જ નહિ અને અંતમુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું! એ દશા ક્યારે પ્રાપ્ત થશે એવી સમકિતીને ભાવના હોય છે.

અજ્ઞાની માને કે દુનિયા સમજે તો મને લાભ થાય. કોને લાભ થાય? સમાધિ-શતકમાં પૂજ્યપાદ-આચાર્યદેવ કહે છે: 'હું કોઈને સમજાવું' ને 'હું પરથી સમજું' એ તો બધો વિકલ્પ છે, ઉન્માદ છે, ઘેલછા છે. સમજનારો ભગવાન પ્રભુ તું પોતે અંદરમાં બિરાજે છે. તે પોતે પોતાને સમજાવે છે, માટે નિશ્ચયથી પોતે પોતાનો ગુરુ છે. સ્વની સમજણ કરીને પોતે સમજે, ત્યારે પર ગુરુને વ્યવહારથી નિમિત્ત કહેવાય. વ્યવહાર તો આરોપિત કથન છે.

વીતરાગનાં વચનો વીતરાગતા બતાવે છે. તે વીતરાગતા સ્વના આશ્રયે થાય છે. જેને સ્વના આશ્રયે સમ્યગ્દર્શન થયું, વીતરાગતા થઈ, તે પૂર્ણ વીતરાગતા માટે અંદર ભાવના ભાવે છે કે હું પૂર્ણ વીતરાગ ક્યારે થાઉં! શ્રીમદ્ રાજચંદ્ર ગૃહસ્થાશ્રમમાં ભાવના કરે છે:

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.—અપૂર્વ૦

શરીર તો સ્થિર થાય, પણ મનમાં યે જરા પણ ક્ષોભ ન થાય, વિકલ્પ ઊઠે

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૭ ]

# કોઈ ઉપર રાગ-દ્વેષ ન કરતાં પોતે પોતાનું હિતકરી લેવા જેવું છે

[ શ્રી યોગસારશાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

( સળંગ પ્રવચન નં-૨૫ )

આ ભરતક્ષેત્રમાં સેંકડો વર્ષ પહેલાં એક યોગીન્દ્રદેવ નામના મુનિ થઈ ગયા. તેમણે આ શાસ્ત્રની રચના કરી છે. શાસ્ત્રનું નામ પણ 'યોગસાર' છે. આત્માનો સ્વભાવ અનાદિ અનંત શુદ્ધ, પવિત્ર છે તેમાં એકાગ્ર થવું તે યોગનો સાર છે.

અહીં ૬૯ ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે 'જન્મ-મરણ જીવ એકલો કરે છે.'

જન્મ-મરણ એક જ કરે, સુખ-દુઃખ વેદે એક,
નર્કગમન પણ એકલો, મોક્ષ જાય જીવ એક. ૬૯.

જીવ એકલો જ જન્મે છે અને દેહ છૂટે ત્યારે એકલાને જ પરલોકમાં જવું પડે છે, કોઈ સ્વજન સાથે જતાં નથી. જીવનપર્યંત જેવાં ભાવ કર્યાં હોય તે પ્રમાણે મરીને અન્ય ગતિમાં જીવ એકલો જ જાય છે. નરકમાં જાય તોપણ એકલો અને સ્વભાવ-દૃષ્ટિ કરીને તેમાં લીન થઈ સર્વથા કર્મોનો અભાવ કરી મુક્તિમાં જાય તોપણ જીવ એકલો જ જાય છે. ત્યાં દેવ-શાસ્ત્ર-ગુરુ કે સંઘ સાથે આવતાં નથી. સ્વરૂપમાં એકાગ્રતા કરીને પોતાનો આત્મા જ પોતાને મુક્તિ પ્રાપ્ત કરાવે છે. તેમાં કોઈ મદદ કરતું નથી.

આ શ્લોકમાં એકત્વભાવનાનો વિચાર કરવામાં આવ્યો છે. ચારગતિના ભ્રમણમાં અનેક જન્મોમાં જીવને માતા-પિતા, ભાઈ-બહેન, સ્ત્રી-પુત્ર, મિત્ર તથા જડ વસ્તુનો સંયોગ થયો અને છૂટયો, પોતે તો એકલો ને એકલો જ રહ્યો. કોઈ સાથે આવ્યું નહિ. માટે હે જીવ! આમ વિચારીને તું તારું હિત શીઘ્ર કરી લે!

જીવ જેવા શુભ-અશુભ ભાવ કરે છે, તેવા કર્મ બંધાય છે અને તેવું તેનું ફળ મળે છે. એક દૃષ્ટાંત આવે છે કે નાનો ભાઈ બીમાર હતો. મોટા ભાઈએ તેને સાજો કરવા માંસ-ઈંડા આદિ તેને ખબર પડવા દીધા વગર ખવરાવ્યાં. મરીને મોટોભાઈ નારકી થયો અને નાનોભાઈ અસુરકુમાર દેવ થઈને તેને મારવા લાગ્યો. જેને માટે પાપ કર્યું તે પરમાધામી થયો અને જેણે પાપ કર્યું તે નારકી થયો. નારકીનો જીવ કહે છે કે અરે! પણ મેં તારા માટે થઈને આ પાપ કર્યું હતું અને તું મને જ મારે છે? પેલો કહે કે મને તો ખબર ન હતી, તેં શા માટે પાપ કર્યું? હું તો તને મારીશ. આ દૃષ્ટાંત ઉપરથી દરેકે વિચાર કરવા જેવો છે કુટુંબ માટે થઈને પોતે

જે પાપ કરે છે તેનું ફળ પોતાને એકલાને જ ભોગવવું પડશે, તેમાં કોઈ કુટુંબીજનો ભાગીદાર નહિ થાય. માટે પાપ કરતાં પહેલાં જીવે વિચારવા જેવું છે.

દરેક જીવની સત્તા નિરાળી છે–જુદી જુદી છે. દરેકના ભાવો અલગ અલગ છે. દરેકના કર્મના બંધન નિરાળા છે અને શાતા-અશાતાનો ભોગવટો પણ દરેકને જુદો-જુદો છે. દરેકને સંયોગો જુદાં જુદાં મળે છે પણ સંયોગને કોઈ ભોગવી શકતું નથી. સૌ પોતાના રાગને ભોગવે છે.

ચાર સગા ભાઈ હોય એક ધનવાન થઈને સાંસારિક સુખ ભોગવે છે, એક નિર્ધન થઈને કષ્ટથી જીવનનિર્વાહ કરે છે, એક વિદ્વાન થઈને દેશમાન્ય થઈ જાય છે અને એક મૂર્ખ રહીને નિરાદર પામે છે. એ જ રીતે શ્રેણિક અને અભયકુમારને ખૂબ પ્રેમ હતો. એક થાળીમાં સાથે જમતાં હતાં પણ મરીને શ્રેણિક નરકમાં ગયા અને અભયકુમાર સ્વર્ગમાં ગયા. જેના જેવા ભાવ થાય છે તેવું તેને ફળ મળે છે. એક સાથે જમનારા અને એક સાથે રહેનારા હોય છતાં, એક નરકે જાય છે, એક મોક્ષમાં જાય છે. આ બધી ભાવોની વિવિધતા છે.

તારા પરિણામ તું સુધાર અને નિજ આત્મા આનંદકંદ છે તેમાં દૃષ્ટિ કરીને ધ્યાન–અનુભવ કર! તે જ મોક્ષનો ઉપાય છે. બીજો કોઈ મોક્ષનો ઉપાય નથી. સંસારમાં દરેક જીવ પોતાના સ્વાર્થના સગા છે. સ્વાર્થ ન સધાય તો સ્ત્રી, પુત્ર, મિત્ર પણ ત્યાગ કરી દે છે. માટે કોઈ ઉપર મોહ કર્યા વગર પોતાનું હિત કરી લેવા જેવું છે.

નૌકામાં એક સાથે બેઠેલા માણસો હોય, પણ જાય છે બધાં જુદાં–જુદાં નગરમાં. તેમ એક કુટુંબમાં અનેક જીવો ભેગા થયાં હોય પણ મરીને કોઈ સ્વર્ગમાં, કોઈ નરક તિર્યંચમાં, કોઈ મનુષ્યમાં અને કોઈ મોક્ષમાં જાય છે. કોઈનો કોઈ સાથી-સથવારો નથી. માટે કોઈ ઉપર રાગ-દ્વેષ ન કરતાં સમભાવ કરવા જેવો છે.

દયા, દાન, પૂજાદિના ભાવ પુણ્યભાવ છે અને હિંસા, જૂઠું, ચોરી આદિના ભાવ પાપભાવ છે. બંને ભાવથી પોતાના આત્માને ન્યારો જાણી, પોતાના સ્વભાવની શ્રદ્ધા જ્ઞાન અને ધ્યાન કરવું તે જ શુદ્ધિની વૃદ્ધિનું કારણ છે અને તે જ મોક્ષનું કારણ છે. રત્નત્રયની આરાધનાપૂર્વક મોક્ષ પણ જીવ એકલો જ પામે છે.

દરેક જીવના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ ભિન્ન–ભિન્ન છે. દરેક જીવ પરમ શુદ્ધ છે. શુદ્ધસ્વભાવને આઠ કર્મ, શરીર, વિભાવભાવ કે અન્ય કોઈનો સંયોગ નથી. અસંયોગી તત્ત્વ છે. પુણ્ય-પાપ ભાવથી રહિત, નિરંજન નિજ પરમાત્માની શ્રદ્ધા–જ્ઞાન-રમણતા કરવી તે મોક્ષનો માર્ગ છે. એ મોક્ષમાર્ગ પ્રગટ કરવો તે પોતાના સ્વતંત્ર પુરુષાર્થથી થાય છે, તેમાં કોઈ મદદગાર નથી.

હવે કહે છે કે ભાઈ! તું નિર્મોહી થઈ આત્માનું ધ્યાન કર!

જો જીવ તું છે એકલો, તો તજ સૌ પરભાવ,
આત્મા ધ્યાવો જ્ઞાનમય, શીઘ્ર મોક્ષસુખ થાય. ૭૦.

હે આત્મા! તું એકલો જ છો માટે રાગ-દ્વેષ-મોહાદિ સર્વ પરભાવોનો ત્યાગ કરીને, નિર્મળાનંદ, જ્ઞાનમય, સદા શુદ્ધ, પવિત્ર નિજ આત્માનું ધ્યાન કર! તો તને શીઘ્ર મુક્તિસુખ મળશે.

આત્મા જાણક...જાણક....જાણકસ્વભાવી છે. 'જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હું અને જ્યાં જ્યાં જ્ઞાન નહિ ત્યાં ત્યાં હું નહિ.' ભક્તિ, રાગાદિના ભાવમાં જ્ઞાન નથી માટે તે હું નહિ. હું ચૈતન્યમાત્ર છું એમ જાણીને રાગાદિનો ત્યાગ કરી નિજ જ્ઞાનમય આત્મામાં એકાગ્ર થવું તેનું નામ યોગસાર છે.

હે ભવ્યો! તમે એવું કામ કરો કે જેથી આત્મા પોતાની જ્ઞાનભૂમિકામાં આવી જાય. દેહ છૂટયાં પહેલાં આ પ્રયત્ન કરી લે. ઘર બળે ત્યારે કૂવો ખોદવા ન બેસાય. માટે મરતાં પહેલાં આત્માનો યત્ન કરી લે. માનવદેહથી જ શિવપદ મળી શકે છે. દેવ, નારક, પશુગતિમાંથી શિવપદ નહિ મળે, માટે આ અમૂલ્ય અવસર ખોવાં જેવો નથી.

રાગાદિ પરભાવ મારી જ્ઞાનભૂમિકાથી બહાર છે. બહારમાં-સંયોગોમાં તો ક્યાંય આત્માને એકાગ્ર થવાનું-ઠરવાનું સ્થાન નથી. પણ પોતાના રાગ-દ્વેષ-મોહભાવમાં પણ ક્યાંય ઠરવાનું સ્થાન નથી. માત્ર જ્ઞાનસ્વરૂપી પોતાના આત્મામાં જ પોતાને ઠરવાનું સ્થાન છે. માટે, પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં જ ઠરવાનું સ્થાન જાણી, સ્વભાવનો પરમ રુચિવાન થઈને તેમાં જ મગ્ન થવાનો, આત્મિક આનંદ પ્રાપ્ત કરવાનો ઉદ્યમ કર! અખંડ જ્ઞાનમય વસ્તુ તે મારું દ્રવ્ય, અસંખ્યપ્રદેશ મારું ક્ષેત્ર, એક સમયની પર્યાય તે મારો કાળ અને જ્ઞાન-દર્શન, સુખ, વીર્ય આદિ મારો શુદ્ધ-ભાવ છે તે ખરેખર મારું સર્વસ્વ છે. જે ભાવમાં પરનો આશ્રય છે તે ભાવ મારા નથી. હું તો એકાકાર, અખંડ શુદ્ધ, સ્વસંવેદનગમ્ય એક અવિનાશી પદાર્થ છું. તેના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે મારો સ્વભાવ ભાવ છે. તે એક જ મોક્ષમાર્ગ છે.

હવે યોગીન્દ્રદેવ ખૂલ્લું કરે છે કે પુણ્ય પણ પાપ છે.

પાપરૂપને પાપ તો જાણે જગ સહુ કોઈ,
પુણ્યતત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઈ. ૭૧.

હિંસા, જૂઠું, ચોરી, પરિગ્રહ, અબ્રહ્મ આદિ ભાવને તો આખું જગત પાપ કહે છે પણ દયા-દાન, અહિંસા, સત્ય આદિ પુણ્યભાવને પણ પાપ કહેનારા તો વિરલા જ્ઞાની જ છે. પુણ્યતત્ત્વ પણ પાપ જ છે એમ અહીં સિદ્ધ કરે છે.

જ્ઞાનીને પણ અશુભથી બચવા શુભભાવ આવે છે. પણ પોતાનો સ્વભાવ અમૃત-સ્વરૂપ છે તેમાંથી પતિત થઈને પુણ્યભાવમાં આવવું તે નિશ્ચયથી પાપ છે. પુણ્યનું ફળ ઝેર છે. પુણ્યના ફળમાં સંસાર ફળશે. માટે જ્ઞાની પુણ્યને પણ પાપ કહે છે. નિશ્ચયથી પોતાના શુદ્ધ સ્વરૂપને છોડીને જે કાંઈ શુભ-અશુભ ભાવ આવે છે તે બધાં અપવિત્ર ભાવ છે, અમૃતને-આનંદને લૂંટવાવાળા છે, મદદ કરનાર નથી. માટે તે બધાં ભાવો પાપ છે, સંસારનું ફળ આપનારા છે. સર્વજ્ઞદેવ દિવ્યધ્વનિમાં ફરમાવે છે કે આનંદ તારા આત્મામાં છે. પરભાવમાં તો એકલું દુઃખ છે.

કુંદકુંદ આચાર્ય સમયસાર ગાથા ૨૯૫ માં કહે છે કે પ્રથમમાં પ્રથમ આત્મા અને બંધનું લક્ષણ ઓળખીને તે બંનેનું ભેદજ્ઞાન કરવાનું છે. આત્માર્થીનું પહેલાંમાં પહેલું કર્તવ્ય એ છે કે જ્ઞાનસ્વરૂપી આત્માને ઓળખીને તેની શ્રદ્ધા કરવી અને બંધ તત્ત્વને ઓળખીને તેનો સર્વથા છેદ કરવો. ભવભ્રમણથી છૂટવું હોય તેણે પુણ્ય-પાપ ભાવનો સર્વથા છેદ કરીને અમૃતસ્વરૂપ આત્માને ધ્યાવવો.

હે ભાઈ! તું સર્વજ્ઞદેવની વાણી સાંભળીને, વિચારીને, નિર્ણય તો પહેલાં સાચો કર! નિર્ણયમાં જ ઠેકાણું નહિ હોય તો માર્ગ હાથ ક્યાંથી આવશે? પુણ્ય-પાપ ભાવરૂપ બંધત્વ અને અબંધસ્વરૂપી નિજ આત્મા એ બંનેનું ભેદવિજ્ઞાન કરવાનું છે. પુણ્ય-પાપ ભાવ તે મારું સ્વરૂપ જ નથી એમ પહેલાં નક્કી કરીને અબંધસ્વરૂપ નિજ પરમ પાવન પરમાત્માની શ્રદ્ધા-જ્ઞાન અને અનુભવ કરવો તે મોક્ષમાર્ગ છે.

સાધારણ રીતે સર્વ જીવો પાપભાવને હેય અને પુણ્યભાવને ઉપાદેય માને છે. પુણ્યનાં ફળમાં સુખ મળવાની આશા રાખે છે. કેમ કે પુણ્યથી જ ઈન્દ્ર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ આદિ મહાવૈભવયુક્ત પદવી પ્રાપ્ત થાય છે. પણ એ પદવીઓ પણ માત્ર દુઃખસ્વરૂપ છે. પુણ્ય-પાપ બંને એક જ જાતનાં છે, બંનેનું ફળ સંસાર અને દુઃખ જ છે. એવું જાણનારાં તો કોઈ વિરલ, બુદ્ધિમાન, જ્ઞાની જ હોય છે. જેનાથી સંસારમાં રહેવું પડે, વિષયભોગમાં ફસાવું પડે, એવું સ્વાધીનતાઘાતક પુણ્ય પણ પાપ જ છે-એમ જ્ઞાની માને છે.

આત્મા મોટો તાકાતવાન છે. ઊંધો પુરુષાર્થી હોય તો સમવસરણમાં તીર્થંકરના સમજાવવાથી પણ ન સમજે અને સવળો પુરુષાર્થી સમકિતી ઉપરથી અગ્નિની વર્ષા વર્ષે, પરિષહોના પાર ન રહે તોપણ પોતાની શ્રદ્ધાથી ડગ્યો ન ડગે. ઉપરથી દેવ આવીને પરીક્ષા કરે કે પુણ્યથી લાભ માન તો તને પરિષહોથી બચાવું, નહિ તો મારી નાખીશ. તોપણ ડગે નહિ. તે જાણે છે કે કોણ કોને મારી શકે છે? અમે તો પુણ્ય-પાપ રહિત અમારા આત્માથી લાભ માનીએ છીએ. પુણ્યથી લાભ ત્રણકાળમાં કદી ન થાય. જ્ઞાનીને આત્માના આનંદ પાસે બીજા બધાં ભાવો તુચ્છ લાગે છે. પુણ્ય-પાપભાવ બંને દોષ છે.

[ અનુસંધાન માટે જુઓ પેજ નં. ૧૪ ]

આત્માની સિદ્ધિ માટેના સર્વ પ્રમાણોમાં

# સ્વસંવેદન-પ્રમાણ જ મુખ્ય છે.

[ શ્રી ઇષ્ટોપદેશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

(સળંગ પ્રવચન નં. ૨૦)

આ ઈષ્ટોપદેશ નામનું શાસ્ત્ર, દિગંબર સંત આચાર્ય પૂજ્યપાદસ્વામીએ રચ્યું છે. તેમાં ૨૧ મી ગાથા ચાલે છે.

નિજ અનુભવથી પ્રગટ જે, નિત્ય શરીર પ્રમાણ,
લોકાલોક વિલોકતો, આત્મા અતિસુખવાન. ૨૧.

આત્માનું સ્વરૂપ કેવું છે? તે પ્રશ્નના જવાબમાં આ ગાથા છે. આત્મા લોકાલોકને જાણનાર છે. લોકાલોક છે એ જાણ્યું કોણે? તેનો જાણનારો આત્માનો જ્ઞાનસ્વભાવ છે. તે પહેલાં નક્કી કરવું પડશે. આત્મા શરીરપ્રમાણ છે. શરીરની બહાર આત્મા વ્યાપતો નથી. આત્મા નિત્ય ટકનાર છે અને અનંત આનંદમય છે. અનંત સુખથી ભરચક ભરેલું તત્ત્વ છે. આ આત્મતત્ત્વ સ્વસંવેદનસ્વરૂપ છે. પોતાને પોતાથી જાણી શકાય એવું આત્માનું સ્વરૂપ છે. દેવ-શાસ્ત્ર-ગુરુ આદિના નિમિત્તથી કે રાગની મંદતાથી જાણી શકાય એવું આત્માનું સ્વરૂપ નથી.

હવે શિષ્યને શંકા થાય છે કે પ્રમાણુસિદ્ધ વસ્તુના ગુણુગાન કરીએ તે તો બરાબર છે પણ આત્મા તો અરૂપી છે તે જ્ઞાનમાં-પ્રમાણુમાં સિદ્ધ થઈ શકે એટલે કે સાબિત થઈ શકે એવું લાગતું નથી. તો જે પ્રમાણુમાં સિદ્ધ થતું નથી તેના ગુણુગાન શા? ઉપર કહ્યાં તેવા આત્માના વિશેષણો પ્રમાણુથી સિદ્ધ થયા વિના કોના માનવા?

શિષ્યના પ્રશ્નના જવાબમાં પૂજ્યપાદસ્વામી કહે છે કે આત્મા સ્વસંવેદન પ્રમાણુથી બરાબર જાણી શકાય છે. આત્મા જ્ઞાતા થઈને પોતાને જ જ્ઞેય બનાવીને જ્ઞાનમાં બરાબર પોતાનું સ્વરૂપ જાણી શકે છે. પુણ્ય-પાપના રાગ અને સંયોગોનું જોડાણુ છોડી દઈને-લક્ષ છોડી દઈને શુદ્ધ, ચૈતન્યઘન, અનાકુળ આનંદસ્વરૂપમાં જેણે જોડાણુ કર્યું છે એવા ધર્મીજીવને પોતાથી પોતાનું વેદન થાય છે. પોતે જ જ્ઞાતા થઈને પોતાને જ્ઞેય બનાવે ત્યારે જ્ઞાન થાય છે. આત્મા પોતે જ પોતાથી જણાવા લાયક છે. જાણનારો પણ આત્મા અને જણાવા યોગ્ય પણ આત્મા પોતે છે માટે આત્મા પ્રમાણુસિદ્ધ છે.

એક સેકંડના અસંખ્યમાં ભાગમાં લોકાલોકને જાણનારો, શરીરપ્રમાણ, નિત્ય

સુખસ્વરૂપ એવો આત્મા પોતાના પ્રમાણજ્ઞાનમાં પ્રમેય થાય છે. સ્વજ્ઞેયને જ્ઞાનમાં લઈને જ્ઞાતા થવાનો આત્માનો વાસ્તવિક સ્વભાવ છે તથા લોકાલોકને જાણવાનો પણ આત્મામાં સ્વતઃ સ્વભાવ છે. લોકાલોક છે માટે જણાય છે એમ નથી. જાણવાનો આત્માનો સ્વતઃ સ્વભાવ છે. લોકાલોકના સ્વરૂપને જાણનારું આત્માનું જ્ઞાન સામર્થ્ય ન હોત તો આ લોકાલોક છે એમ કોણ કહી શકે? જ્ઞાનસ્વભાવ જ એવો છે કે જે લોકાલોકને જાણી શકે. જેમ લોકાલોક એક સત્તા છે તેમ તેને જાણવાનો સ્વતઃ સ્વભાવ ધરનારી જ્ઞાન-આનંદરૂપ વસ્તુ એ પણ એક સત્તા છે. આહાહા... ! ગજબ વાત છે.

અહીં તો એમ કહે છે કે કેવળ પરને જ જ્ઞેય કરવું નથી અને કેવળ પરનું જ જાણનાર થવું નથી પણ પોતે જ પોતાને જ્ઞેય બનાવી પોતે જ જ્ઞાતા થઈને અંતર સ્વભાવમાં સમાઈ જવું છે. સ્વભાવને ઓળખીને સ્વભાવમાં ઠરી જવું છે. હીરો જોયા વગર તેના વખાણ કરવા ખોટાં છે પણ જોઈને વખાણ કરે તે સાચાં છે, તેમ આચાર્યદેવ ચૈતન્યહીરો જોઈને-પ્રમાણજ્ઞાનથી સિદ્ધ કરીને તેના ગુણગાન કરે છે. લોકાલોક એક મહાસત્તા છે પણ જ્ઞાન તો લોકાલોકને અડયા વિના, તેનું લક્ષ કર્યા વિના, લોકાલોકની સત્તાની હાજરી છે માટે નહિ પણ પોતાની સત્તાના સામર્થ્યથી લોકાલોકને એક સમયમાં જાણી લે છે. એવું જ તેનું કોઈ અચિંત્ય સામર્થ્ય છે.

પરદ્રવ્ય-પરભાવના સહારા વિના આત્મા સ્વતઃસ્વભાવથી પ્રમાણસિદ્ધ છે છતો અછતો ન થાય. સ્વતઃ સ્વભાવ છે તે જ્ઞાનમાં અછતો ન રહે; છતો થાય-પ્રગટ થાય. અનુભવ-પ્રકાશમાં દાખલો આપ્યો છે કે, પિતા બજારમાં ગયેલ હોય, છોકરાં ઘરે હોય અને બજારમાં એને કોઈ પૂછે કે તમારે છોકરા છે? તો હા પાડશે. કેમ ભાઈ! તારી સાથે કયાં છે? અરે! સાથે નથી પણ છે તો ખરાં ને! છતા ને અછતા કરાશે? તેમ ભગવાન આત્મા અખંડાનંદ એક સમયમાં લોકાલોકને જાણવાના સ્વભાવવાળું તત્ત્વ છે તેને નથી એમ કોણ કહી શકે? ધર્મી જીવ પોતાના જ પ્રમાણજ્ઞાનથી આત્માના સ્વરૂપને સ્વીકારે છે. ભગવાન કહે છે માટે નહિ. પોતાના જ પ્રમાણથી પોતાનું સ્વરૂપ સિદ્ધ થાય છે. ત્યાં બીજાનાં પ્રમાણની જરૂર નથી, પોતાથી પોતાનું જ્ઞાન થવું તે જ સ્વસંવેદન છે. તેને સ્વસંવેદન કહો, અનુભવ કહો, સમ્યગ્દર્શન કહો કે જે કહો તે એ જ છે.

જેનું જે સ્વ-રૂપ છે, સ્વભાવ છે, સત્ત્વ છે તેને બીજાના પ્રમાણથી માનવાનું કયાં રહ્યું? પોતાથી જ સ્વરૂપ સિદ્ધ છે. પોતે જ પોતાનો જ્ઞાતા થવાને લાયક છે અને જીવ પોતે જ પોતાને જ્ઞેય બનાવવાને લાયક છે. તેથી પોતે જ પોતાને જ્ઞેય બનાવીને જ્ઞાતાપણે જાણી શકે છે. આ તેનો સહજ સ્વભાવ છે. વિકલ્પના કાળે આત્માને વિકલ્પનું

જ્ઞાન થાય છે પણ તે વિકલ્પના કારણે નહિ, વિકલ્પના સહારેથી નહિ પણ પોતાના જાણક સ્વભાવથી જ્ઞાન થાય છે.

જીવોને હજુ પોતાના સ્વભાવનું માહાત્મ્ય જ આવ્યું નથી. ભાષામાં આત્માની મહિમા કરે પણ અંતરથી આત્માની મહિમા આવતી નથી. પણ ભાઈ ! જ્યાં સુધી તું હૃદયમાં આત્માને સ્થાપીશ નહિ ત્યાં સુધી આત્મા હાથ નહિ આવે. અનુભવ પ્રકાશમાં કહ્યું છે કે જ્યાં સુધી તું સંયોગમાં, રાગમાં, પુણ્યમાં, પાપમાં, નિમિત્તમાં કે વ્યવહારમાં ક્યાંય પણ પ્રભુતા સ્થાપીશ-મોટપ માનીશ ત્યાં સુધી આત્મા હાથ નહિ આવે માટે અંતરમાં તારી પ્રભુતાનો સ્વીકાર કર ! હું જ પરમેશ્વર છું એમ પહેલાં નક્કી કર ! વિશ્વાસ લાવ !

જે વસ્તુ છે તેના સ્વભાવની હદ ન હોય. મર્યાદા ન હોય. તેને પરાશ્રય ન હોય. જે સ્વભાવભાવ છે તેને પરાશ્રયતા કેમ હોય ? અચિંત્ય સ્વભાવમાં અપૂર્ણતા કેમ હોય ? સાક્ષાત્ પરમેશ્વરનું રૂપ જ આ ભગવાન-આત્મા છે. પરમેશ્વરમાં અને દરેકના ભગવાન-આત્મામાં કાંઈ ફેર નથી. આવા પોતાના આત્માને દૃષ્ટિમાં ન લે ત્યાં સુધી સ્વસંવેદન પ્રમાણ સિદ્ધ થઈ ન શકે. પોતાના સ્વભાવની મહિમા ચૂકીને પરદ્રવ્ય કે પરભાવમાં ક્યાંય પણ જરાય માહાત્મ્ય આવશે ત્યાં સુધી માહાત્મ્યવાળો નિજ આત્મા હાથ નહિ આવે. જે પર્યાય દ્રવ્યને દૃષ્ટિમાં લે છે તે પર્યાયની મહિમાનો પણ પાર નથી તો દ્રવ્યની મહિમાની શું વાત ? આવી મહિમા જ્યાં સુધી ખ્યાલમાં ન આવે ત્યાં સુધી વીર્ય સ્વસંવેદન તરફ ન વળે.

હું જ જ્ઞેય અને હું જ જ્ઞાયક એટલે કે હું જ જણાવા યોગ્ય અને હું જ જાણનાર છું એમ વિકલ્પ રહિત થઈને જે સ્વસંવેદન કરે છે તે પ્રમાણ છે. ભગવાન કુંદકુંદ આચાર્યે સમયસારમાં કહ્યું છે કે 'जदि दायेज प्रमाणं' જો હું દેખાડું તો પ્રમાણ કરજે. આમ જે કહ્યું છે તે આ સ્વસંવેદન પ્રમાણની વાત છે. આત્માનું સ્વરૂપ જેવું હું દર્શાવું છું તેવું તું અનુભવ કરીને પ્રમાણ કરજે. તારા અંતરના પ્રમાણ માટે તારે બીજા કોઈની-સહાયની જરૂર નહિ પડે.

આકાશનું ક્ષેત્ર છે...છે...છે...અનંત ક્ષેત્ર છે તેનો અંત ક્યાંય નહિ આવે. તેમ કાળ છે...છે....છે.. તેનો પણ ક્યારેય અંત નહિ આવે તો તેના જાણનાર જ્ઞાનમાં પણ ક્ષેત્રનો કે કાળનો અંત નહિ જણાય. અસ્તિ જ જણાશે. આત્મામાં પોતાના જ્ઞાનનો ભાવ, આનંદનો ભાવ, સ્વચ્છતાનો ભાવ, શુદ્ધતાનો ભાવ, શાંતિ-ચારિત્રનો ભાવ, વીર્યનો ભાવ આદિ દરેક ગુણોના ભાવો અમાપ છે છતાં તેને પણ આત્મા પોતે પોતાને જ્ઞેય બનાવીને જ્ઞાયકપણે એક સમયમાં જાણી લે છે. પોતાના પ્રમાણજ્ઞાનમાં પોતાના અમાપ ભાવોનું જ્ઞાન થઈ જાય છે. બધાં પ્રમાણમાં આ સ્વસંવેદન પ્રમાણ જ મુખ્ય છે.

અરે ! પ્રભુ ! તારું સ્વરૂપ તારા જ્ઞાનમાં ન આવે અને ધર્મ થઈ જાય એ કેમ બને ! પોતાથી જ પોતાનું પ્રમાણ થાય એવું જીવનું સ્વરૂપ છે. તેનાથી ઓછું, અધિક કે વિપરીત સ્વરૂપ માને તો એ તત્ત્વથી જ વિપરીત છે.

અતીન્દ્રિય આનંદથી ભગવાન આત્મા શોભે છે. લોકાલોકને જાણવા એ તો એનો સ્વભાવ છે. લોકાલોકનો આત્મા જાણનાર છે પણ આત્માનું ક્ષેત્ર શરીરપ્રમાણ છે. આવું આત્માનું સ્વરૂપ અનુભવમાં વેદનમાં આવે છે.

હવે શિષ્ય પૂછે છે કે આત્માની ઉપાસના કેવી રીતે કરવી ? ભગવાનની ભક્તિ, પૂજા કરવાથી કે શાસ્ત્ર વાંચવાથી ભગવાનની ઉપાસના થાય કે નહિ ?

અરે ભાઈ ! ભક્તિ, પૂજાથી તો ભગવાનની ઉપાસના ન થાય પણ ભક્તિ-પૂજા આદિ ક્રિયાનું અંતરમા માહાત્મ્ય રહી જાય તે પણ સાચી ઉપાસના કરવા નહિ દે. માહાત્મ્યવાળી મૂળ ચીજ જોઈ નથી તેથી બહારની ક્રિયામાં જીવ લેપાય જાય છે, તેનું તેને ભાન પણ હોતું નથી. વિકલ્પ અને રાગનું જેને માહાત્મ્ય આવે છે તેને નિજ-સ્વભાવનું માહાત્મ્ય આવતું નથી.

તો આત્માની ઉપાસના કેવી રીતે કરવી ? તેના ઉત્તરમાં ગાથા કહે છે.

ઇન્દ્રિય-વિષયો નિગ્રહી, મન એકાગ્ર લગાય,
આત્મામાં સ્થિત આત્માને, જ્ઞાની નિજથી ધ્યાય. ૨૨.

આવો ઉપદેશ તે ઇષ્ટ ઉપદેશ છે. વ્યવહારના વિકલ્પથી કે નિમિત્ત આદિથી આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન કે-અનુભવ થશે એવો ઉપદેશ તે ઇષ્ટ ઉપદેશ નથી. મનને એકાગ્ર કરીને એટલે કે સ્વ તરફ લક્ષ કરીને પાંચ ઇન્દ્રિયોને વશ કરી એટલે કે પર તરફનું લક્ષ છોડી, સ્વચ્છંદવૃત્તિનો ત્યાગ કરી, પોતામાં સ્થિત પોતાના આત્માનો પોતાથી અનુભવ કરી શકાય છે. શુદ્ધભાવની પર્યાય દ્વારા અખંડાનંદ ભગવાન આત્માને ધ્યાવવામાં આવે છે. આ રીતે પર તરફનું વલણ છોડી સ્વ તરફ વલણ કરી નિર્મળ પર્યાય દ્વારા આત્માનું ધ્યાન કરવું. આ જ સાચી ધ્યાનની વિધિ છે. એ સિવાય આત્માના ધ્યાનનો બીજો કોઈ ઉપાય નથી. (ક્રમશઃ)

[ કોઈ ઉપર રાગ-દ્વેષ....પેજ નં. ૧૦ થી ચાલુ ]

બંધન અપેક્ષાએ બંને સમાન છે. બંનેના બંધન કારણ કષાયની મલિનતા છે. બંનેનો અનુભવ સ્વાભાવિક અનુભવથી વિરુદ્ધ છે. અતીન્દ્રિય શુદ્ધ ભાવથી બંને વિપરીત છે. માટે જ્ઞાની પુણ્ય-પાપ બન્નેને લાભદાયક માનતા નથી.

પુણ્ય-પાપભાવમાં તન્મય થવાથી બંધન થાય છે તેથી મોક્ષમાર્ગના તે વિરોધી છે. આત્માના ધર્મના તે લૂંટારાં છે. વીતરાગમાર્ગની આવી વાત પામર ઝીલી શકતાં નથી. જ્ઞાની પુણ્ય-પાપ બંને ભાવને દુઃખના કારણ જાણી તેનાથી વિરક્ત રહે છે અને કર્મક્ષયકારક, આત્માનંદ દાયક એક શુદ્ધઉપયોગને જ માન્ય કરે છે. તેને જ મોક્ષનું કારણ જાણે છે. (ક્રમશઃ)

—o—

## * વૈરાગ્યજનની : બાર ભાવના *

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આ સંસારભાવનાનું સ્વરૂપ છે. સંસારભાવના એટલે શું? કાંઈ સંસારની ભાવના કરવી તેની વાત નથી, પણ સંસારની ચારે ગતિમાં દુઃખ છે, સંસારનો ભાવ દુઃખદાયક છે, અને સુખ તો આત્મામાં છે—એમ ભાન કરીને સંસારને દુઃખરૂપ વિચારવો તેનું નામ સંસારભાવના છે. જેને ભવરહિત સ્વભાવની ભાવના પ્રગટી હોય તેને જ સંસારભાવના યથાર્થ હોય છે.

અહો! નરકાદિમાં તો દુઃખ છે, પણ વિષયોની તૃષ્ણાને લીધે સ્વર્ગના દેવો પણ દુઃખી છે. આનંદસ્વરૂપ આત્માનો વિષય જેને પ્રગટ્યો નથી તેઓ બાહ્ય વિષયોની તૃષ્ણાથી દુઃખી જ છે. મોટા મોટા દેવો પણ બહારના સંયોગથી સુખી નથી, તેઓ પણ બહારના વિષયોની તૃષ્ણાથી આકુળ-વ્યાકુળ છે. સ્વભાવનું ભાન અને ભાવના હોય તે જ જીવો સુખી છે. જેને સ્વભાવનું ભાન અને ભાવના ન હોય તે બહારના વિષયોની ભાવના કરે. ક્યાંક તો ભાવના કરશે જ. અજ્ઞાની જીવ પોતાના સ્વભાવની ભાવના છોડીને સંયોગની ભાવના કરે છે, પણ સંયોગ તો છૂટી જાય છે. પર્યાયને અંતર્મુખ કરીને તે પર્યાય વડે ચિદાનંદસ્વભાવની ભાવના કરે તો તેનો કદી વિયોગ ન થાય. બાહ્ય વિષયોને આધીન જેણે સુખ માન્યું છે તેને તૃપ્તિ ક્યાંથી થાય? સ્વભાવની દૃષ્ટિ કરે તો પછી તૃષ્ણા મર્યાદિત થઈ જાય-તૃષ્ણા બહુ અલ્પ થઈ જાય, ને જેને સ્વભાવનું ભાન નથી તેને તો એકલા સંયોગની જ ભાવના છે, એટલે તેને તો તૃષ્ણા અપરિમિત છે. અબજો વર્ષ સુધી સ્વર્ગમાં રહે છતાં દેવો અતૃપ્તપણે મરે છે. ચૈતન્યસ્વભાવના ભાન વિના ક્યાંય તૃપ્તિ થતી નથી. જુગલિયા મનુષ્યો થાય છે તેમને ૩ ગાઉનો દેહ હોય છે ને અબજો અબજો વર્ષનું આયુષ્ય હોય છે, તેઓ પણ ભોગથી તૃપ્તિ પામતા નથી, ને વિષયતૃષ્ણાથી દુઃખી જ છે. જ્યાં સ્વર્ગના મોટી મોટી ઋદ્ધિવાળા દેવો પણ વિષયતૃષ્ણાથી દુઃખી જ છે, ત્યાં બીજાની તો શું વાત?

इष्टवियोगं दुःखं भवति महर्द्धिनां विषयतृष्णातः ।
विषयवशात् सुखं तेषां कुतः तृप्तिः ॥ ५९ ॥

અર્થઃ—મહર્દ્ધિક દેવોને વિષય તૃષ્ણાથી ઇષ્ટઋદ્ધિ અને દેવાંગના આદિનો વિયોગ થાય છે તે સંબંધી દુઃખ થાય છે, જેમને વિષયાધીન સુખ છે તેમને તૃપ્તિ ક્યાંથી થાય? તૃષ્ણા વધતી જ રહે છે. ૫૯.

જુઓ, અહીં તો સ્વભાવદૃષ્ટિની વાત છે. ત્રિકાળી સ્વભાવ સ્વતંત્ર છે, વર્તમાન પર્યાય સ્વતંત્ર છે, સંયોગ સ્વતંત્ર છે. ત્યાં ધર્મીને સ્વભાવ ઉપર દૃષ્ટિ પડી છે એટલે પર્યાયની કે સંયોગની હીનતા-અધિકતા દેખીને તેને ખેદ કે ચિંતાનું દુઃખ થતું નથી. મોટા મોટા દેવોને પણ બહારની ઇષ્ટઋદ્ધિનો વિયોગ થતાં દુઃખ થાય છે. ધર્મીએ તો અંદરમાં ચૈતન્યસ્વભાવની ઋદ્ધિને જ ઇષ્ટ ઋદ્ધિ માની છે, બહારની ઋદ્ધિને તેણે પોતાની માની નથી. એટલે બહારની સામગ્રીનો વિયોગ થતાં તેને અજ્ઞાની જેટલું દુઃખ થતું નથી, અલ્પ રાગ હોય તેનું જરાક દુઃખ લાગે-તેની અહીં ગણતરી નથી. જેમ અગ્નિમાં લાકડા નાખવાથી તે ઓલવાય નહિ-બૂઝાય નહિ, પણ વધુ સળગે, તેમ વિષયો તરફની લાગણી તે દુઃખદાયક છે, વિષયો તરફના વલણથી તે દુઃખ ટળતું નથી પણ અંદરના સ્વભાવ તરફનું વલણ કરે તો તે દુઃખ ટળે છે. અજ્ઞાની જીવ તો સ્વભાવની ઋદ્ધિ ચૂકીને બહારમાં વિષયોની તૃષ્ણાથી સદા દુઃખી જ છે, ને જ્ઞાની તો સ્વભાવની ભાવના ભાવતો આખા સંસારને દુઃખરૂપે જાણે છે, એવા ધર્મીને યથાર્થ સંસારભાવનાનું ચિંતવનનું હોય છે.

દેવોને શારીરીક દુઃખ નથી પણ માનસિક દુઃખ છે, પણ શારીરીક દુઃખ કરતાં પણ માનસિક દુઃખ તીવ્ર છે; તે કહે છે.

शारीरिकदुःखात् मानसदुःखं भवति अतिप्रचुरम् ।
मानसदुःखयुतस्य हि विषयाः अपि दुःखावहाः भवन्ति ॥ ६० ॥

અર્થ:—કોઈ સમજે કે શરીરસંબંધી દુઃખ મોટું છે અને માનસિક દુઃખ અલ્પ છે, તેને અહીં કહે છે કે શારીરિક દુઃખથી માનસિક દુઃખ ઘણું તીવ્ર છે—મોટું છે; જુઓ માનસિક દુઃખસહિત પુરુષને અન્ય ઘણા વિષયો હોય તોપણ તે દુઃખ ઉપજાવવાળા દેખાય છે. ૬૦.

જે વિષયો મળ્યા તેને ભોગવવાની તૃષ્ણાથી દુઃખી છે, ને ન મળ્યા હોય તો તેને મેળવવાની ઇચ્છાથી દુઃખી છે. ધર્મીને તો સ્વભાવનું ભાન છે, એટલે સંયોગની ભાવના નથી પણ અજ્ઞાનીને તો સંયોગની ભાવના છે, બહારમાં ઘણા અનુકૂળ સંયોગ પડયા હોય, પણ અંદર જ્યાં મનમાં બીજી કલ્પના થઈ ગઈ—તો તે દુઃખી જ છે. ચૈતન્યસ્વભાવ શક્તિરૂપ પડયો છે તેની ભાવના કરતો નથી ને જે સંયોગો નથી તેને મેળવવાની ભાવના કરે છે-તે જીવ મૂઢ છે, તેને આત્માના સ્વભાવનો વિશ્વાસ નથી. ચૈતન્યસ્વભાવ સુખથી ભરેલો છે, તેનો વિશ્વાસ કરીને તેની જેટલી ભાવના કરે તેટલું સુખ પ્રગટે. સંયોગમાં ગમે તેટલી ભાવના કરે તો તેમાંથી કદી સુખ આવવાનું નથી પણ તે તૃષ્ણાથી દુઃખ જ છે. જે સ્વભાવ અસ્તિરૂપ છે તેનો ભરોસો કરતો નથી

અને જે સંયોગો પોતામાં નાસ્તિરૂપ છે તેનો ભરોસો કરીને તેમાંથી સુખ લેવા માગે છે, તેથી તે જડની ભાવના ભાવે છે, તે મિથ્યાદૃષ્ટિ છે.

કોઈ એમ ભાવના ભાવે કે—મારે ઘણા પૈસા મળે તો હું દાન કરું! તો તે પણ સંયોગની જ ભાવના ભાવનારો મિથ્યાદૃષ્ટિ છે. અરે ભાઈ! સંયોગ આવે અને દાન કરું–એવી ભાવના કરવા કરતાં વર્તમાનમાં જ સ્વભાવની ભાવના કરીને સંયોગની તૃષ્ણાને ઘટાડ ને! વર્તમાનમાં દાનનો ભાવ થયો તે બીજી ક્ષણે થયા કરે એવી ભાવના પણ જ્ઞાનીને નથી. અરે ભાઈ! તું વર્તમાનમાં તૃષ્ણા ઘટાડ. રાગ કે સંયોગ બીજી ક્ષણે રહેજો—એવી ભાવના જ્ઞાનીને હોતી નથી. બહારનો સંયોગ તો તેના ક્રમે આવવાનો હશે તો આવશે, પણ તું તારી રુચિને અંતરમાં વાળીને સ્વભાવની ભાવના કર.

વસ્તુસ્વરૂપને સમજવું જોઈએ કે કઈ ભાવના ભાવવાથી મને સુખ છે? ને કઈ ભાવના ભાવવાથી દુઃખ છે? સ્વભાવની ભાવના ભાવવી તે જ સુખ છે, ને બહારના સંયોગની ભાવના તે દુઃખ છે. બહિર્મુખ વલણથી જેટલી લાગણી થાય તે બધી દુઃખદાયક છે. બહારના સંયોગની ચિંતાથી જીવો બળી રહ્યા છે. ધર્મી તો અંતરના ચૈતન્યસ્વભાવની ઋદ્ધિને જાણીને તેની જ ભાવના કરે છે. અસ્થિરતાના કારણે અલ્પરાગ થાય, તો તેને જાણે છે, પણ તે ગૌણ છે. મિથ્યાદૃષ્ટિ જીવ સ્વભાવને ભૂલીને સંયોગની ભાવનામાં જ મશગૂલ રહ્યા કરે છે. બહારમાં ઘણા સંયોગ હોવા છતાં અંદરમાં ચિંતાથી જીવો દુઃખી છે, ત્યાં બહારના સંયોગો તેને કાંઈ કરતા નથી. આમ જાણીને હે ભાઈ! તું આત્માની ભાવના કર. વારંવાર સ્વભાવની ભાવના કરીને તેમાં જ્ઞાનની એકાગ્રતા કર. સંસારમાં સંયોગની પૂર્ણતા હોય જ નહિ ને સ્વભાવની ભાવના કરે તો પૂર્ણતા થયા વિના રહે જ નહિ. સ્વભાવની ભાવના નથી તે જીવોને દુઃખ છે.

જેને મનમાં ચિંતા હોય તેને સર્વ સામગ્રી દુઃખરૂપ ભાસે છે. સંયોગમાં સુખ હોય તો તે વખતે ક્યાં ગયું? જ્ઞાનીને સંયોગમાં સુખની બુદ્ધિ છે જ નહિ એટલે તેને સંયોગ તરફની ચિંતા લંબાતી નથી, સ્વભાવની ભાવના છે; સાતમી નારકની પ્રતિકૂળતામાં પડેલો સમ્યગ્દૃષ્ટિ જીવ ત્યાં પણ સ્વભાવની ભાવના ભાવે છે, તેટલા અંશે તે સુખી છે ને અજ્ઞાની જીવ સ્વર્ગમાં પણ વિષયોની ભાવનાથી દુઃખી જ છે.

આત્મસાક્ષાત્કાર માટે રૂવે તો?

—તો તે પણ ચિંતા અને દુઃખ છે. આત્મ સાક્ષાત્કારના ઉપાયથી આત્મસાક્ષાત્કાર થાય કે રોવાથી થાય? તેનો જે ઉપાય છે તે સમજે નહિ ને રૂવે તેથી

શું? તે તો એક જાતનું આર્તધ્યાન છે, તે આર્તધ્યાનથી ધર્મ થવાનું માને તો તે મિથ્યાત્વનું પોષણ થાય છે.

સ્ત્રીનો ધણી મરે ત્યાં પાછળ સતી થાય અને એમ માને કે ફરીથી તેનો સંયોગ થાય! પણ તે મૂઢતા છે; સંયોગમાં તેને સુખની બુદ્ધિ છે. અરે! અમે તો આત્મા છીએ, જ્ઞાનસ્વભાવી છીએ-એવો જેને વિશ્વાસ નથી તેને ચિંતા થાય કે અરેરે, મરીને ક્યાં જશું? મિથ્યાદૃષ્ટિ દેવ હોય તે મરીને ઢોર થાય, ત્યાં તે ચિંતાથી દુઃખી થાય છે. જેણે સ્વભાવનો વિશ્વાસ પ્રગટ કર્યો છે તે ધર્માત્માને એવી ચિંતા થતી નથી કે મારું શુ થશે? ધર્મીને ઉત્તમ સ્વર્ગ અને મનુષ્ય સિવાય બીજો અવતાર હોય નહિ.

જીવ સ્વભાવને ભૂલીને વિષયોની ભાવના તરફ પોતાના પરાક્રમને—પુરુષાર્થને વાપરે છે. તેને બદલે જો ચૈતન્ય સ્વભાવની રુચિ કરે તો પરાક્રમ ચૈતન્યમાં વળ્યા વિના રહે નહિ. જીવનું પરાક્રમ તો સદા જાગૃત છે. અજ્ઞાનીને ઊંધી દિશામાં પરાક્રમનું વલણ છે, ને જ્ઞાનીને સ્વભાવની ભાવનામાં પરાક્રમની જાગૃતિ વર્તે છે, પણ પરાક્રમ તો બન્નેને જાગૃત છે. જો પરાક્રમનો અભાવ થાય તો આત્માનો જ અભાવ થાય. આત્મામાં પરાક્રમ એટલે કે પુરુષાર્થ નામનો સ્વભાવ છે, તે કદી પુરુષાર્થ વગરનો હોય નહિ. જેવી રુચિ કરે તે દિશામાં પુરુષાર્થનું વલણ થાય છે.

देवानां अपि च सुखं मनोहरविषयैः क्रियते यदि हि ।
विषयवशं यत्सुखं दुखस्य अपि कारणं तत् अपि ॥ ६१ ॥

અર્થ :— દેવોને મનોહર વિષયોથી જો સુખ છે એમ વિચારવામાં આવે તો તે પ્રગટપણે સુખ નથી, જે વિષયોના આધીન સુખ છે તે દુઃખનું જ કારણ છે (દુઃખ જ છે). ૬૧.

જેને સ્વભાવ આધીન સુખ નથી ને વિષયોની તૃષ્ણાથી દુઃખી છે તે જીવોને બહારના વિષયો શું કરે? વિષયો તો અચેતન છે, ભિન્ન છે, તે કાંઈ જીવને સુખ કે દુઃખ કરાવતા નથી. પોતે દુઃખની કલ્પના કરી તો વિષયો શું કરે? અને પોતે વિષયોમાં સુખની કલ્પના કરી તો ત્યાં પણ વિષયો શું કરે? પોતે પોતાની કલ્પનામાં સુખ માન્યું છે, તે કલ્પના પોતાની છે, કાંઈ વિષયોએ તે કલ્પના કરાવી નથી. વિષયોમાં જેણે સુખની કલ્પના કરી છે તે જીવ પણ વિષય તૃષ્ણાથી દુઃખી જ છે. સ્વભાવ જ સહજ આનંદનો સાગર છે. તેની ભાવના કરીને જેટલી એકાગ્રતા કરે તેટલું સુખ છે, બહારના સંયોગમાં જ્ઞાની પોતાનું કારણ કાર્યપણું માનતા નથી. સંયોગમાં જેણે સુખ માન્યું છે, તે માત્ર કલ્પના છે. ચૈતન્ય સ્વભાવ પોતે સુખરૂપ છે તેનો વિશ્વાસ ન કરતાં, અન્ય નિમિત્તોથી સુખ માનવું તે ભ્રમણા છે. કેરી ખાવામાં, પૈસામાં, સ્ત્રી આદિમાં સુખની કલ્પના કરવામાં આવે તે મૂઢતા છે, સુખ

પોતામાં છે, તેની રુચિ જેને નથી તે જ પરમા સુખ માને છે, પોતામાં સુખ અને માને પરમાં—તે માન્યતા મિથ્યા છે, તે સંસારનું કારણ છે.

કૃષ્ણની દેવકી માતાને કૃષ્ણ પહેલાં છ પુત્રો થયા હતા, છએ મહાસુંદર, કલૈયા-કુંવર જેવા હતા, છએ મુનિ થયા હતા. સારા દીકરા હોય તેમાં અજ્ઞાની સુખ માને છે; ધર્મી જીવને રાગ આવે, પણ તેમાં તીવ્રતા હોતી નથી, કેમકે ક્ષણિક રાગની પણ તેને ભાવના નથી ને સંયોગમાં સુખ માન્યું નથી. રાગરહિત ને સંયોગથી ભિન્ન એવા ચિદાનંદ સ્વભાવમાં જ સુખ છે એમ જાણ્યું છે ને તેની જ ભાવના છે. એવા ધર્મી જીવો જ સુખી છે-એ સિવાય બીજા કોઈ જીવો સંસારમાં સુખી નથી. ચૈતન્ય સ્વભાવને ચૂકીને અન્ય નિમિત્તથી જે સુખ માને છે તે બધા જીવો ભ્રમણાથી દુઃખી જ છે.

અજ્ઞાનીએ પહેલાં જે વસ્તુમાં સુખની કલ્પના કરી, તે જ વસ્તુ કલ્પના કરતાં દુઃખના કારણરૂપ ભાસે છે. ધર્મી તો જાણે છે કે કોઈ સંયોગો મને સુખનું કારણ નથી ને દુઃખનું કારણ પણ નથી. કોઈ પર વસ્તુ મને સુખદુઃખનું કારણ નથી. મારો સ્વભાવ જ સુખનું કારણ છે. સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની આ વાત છે.

જે રૂપિયાને પહેલાં સુખનું કારણ માનતો તે જ રૂપિયાને દુઃખનું કારણ માને છે, જે સ્રી આદિમાં સુખ માન્યું હતું તે જ કલ્પના કરતાં અજ્ઞાનીને દુઃખરૂપ ભાસે છે, પણ તે બન્ને ભ્રમણા છે. સુખદુઃખ તો મને મારા પરિણમથી જ છે, બહારના કારણથી મને સુખદુઃખ નથી એમ સમજે તો શુદ્ધ આત્માની રુચિ પ્રગટ્યા વિના રહે નહિ, ને તેની ભાવનાથી દુઃખ ટળીને સુખ પ્રગટે.

જે કલ્પનાથી બહારમાં સુખ કલ્પ્યું તે કલ્પના પણ ક્ષણિક છે, તેમાં સુખ નથી, ને જેમાં સુખ કલ્પ્યું તે સંયોગમાં પણ સુખ નથી. આમ સમજીને ધર્મી જીવ પોતાના સ્વભાવની ભાવના ભાવે છે, ને સંયોગમાં સુખની કલ્પના છોડે છે. સંસારની ચારે ગતિનો ભાવ તે દુઃખનો જ દરિયો છે. આખો સંસાર દુઃખનો જ સમુદ્ર છે. સંસારમાં બળદેવ વાસુદેવ જેવા પણ સુખી નથી ને દેવો પણ સુખી નથી. જુઓને! કૃષ્ણ અને અને બળભદ્ર જેવા, દ્વારિકાનગરી સળગી ત્યારે, માબાપને પણ તેઓ બહાર ન કાઢી શક્યા! સળગતી નગરીને મૂકીને રોતારોતા બહાર નીકળ્યા.

સંયોગનો ક્ષણમાં વિયોગ થઈ જાય છે. તે કોઈ સંયોગ કે વિયોગમાં જીવને સુખ નથી, પણ સ્વભાવમાં સુખ છે. સંયોગ તરફનું વલણ તે દુઃખ છે, ને સ્વભાવ-તરફનું વલણ કરવું તે સુખ છે, માટે ધર્મીએ સંયોગની ભાવના ન કરવી પણ સ્વભાવની ભાવના કરવી. (ક્રમશઃ)

—o—

# ભવભય ભેદનારા ભગવાનની પરમાર્થ ભક્તિ કર

[ શ્રી નિયમસારશાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

પાંચમી ગાથામાં એમ કહ્યું કે અર્હંત ભગવાનને માનવા તે વ્યવહાર સમ્યક્ત્વ છે; તે પુણ્ય છે. ધર્મ તો આત્મસ્વભાવની ઓળખાણથી છે. આત્માના સ્વભાવને ઓળખવા તેણે સર્વજ્ઞને ઓળખવા જોઈએ. એ જ પ્રમાણે સર્વજ્ઞે કહેલાં તત્ત્વોને અને આગમને પણ ઓળખવાં જોઈએ.

હવે પાંચમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં શ્લોક કહેવામાં આવે છે :

[શ્લોકાર્થઃ— ] ભવના ભયને છેદનારા આ ભગવાન પ્રત્યે શું તને ભક્તિ નથી? તો તું ભવસમુદ્રની મધ્યમાં રહેલાં મગરના મુખમાં છે. ૧૨.

ભગવાન કેવા છે? કે ભવના ભયને ભેદનારા છે. તેમણે પોતે પોતાના ભવોને તો ભેદી નાખ્યા છે ને નિમિત્ત તરીકે બીજાના ભવને છેદનારા છે. ભગવાને કહ્યું તે ઓળખીને શ્રદ્ધા-જ્ઞાન વડે જેણે પોતાના ભવને ભેદ્યા તેને ભવભય ભેદવામાં નિમિત્ત છે, એવા શ્રી તીર્થંકર સર્વજ્ઞ પરમાત્માને ઓળખીને તેમના પ્રત્યે જો તને ભક્તિ નથી, તો હે જીવ! તું ભવસમુદ્રની, મધ્યમાં રહેલા મગરના મુખમાં છો. ચોરાશીના અવતારરૂપી મગર-મચ્છ તને ગળી જશે, એટલે કે તારા અવતાર મટશે નહિ. એક તરફ ભવભય રહિત થવાની વાત કરી, ને તેની સામે ભવસમુદ્રની વાત કરી. સર્વજ્ઞ ભગવાનને ઓળખીને તેમના પ્રત્યે ભક્તિથી સર્વજ્ઞે શું કહ્યું તે જે ઓળખે તેને ભવનો ભય છેદાઈ જાય છે. ભગવાન કાંઈ કોઈ ઉપર પ્રસન્ન થઈને કોઈના ભવને ભેદતા નથી. પણ પોતે પોતાના આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને પોતાના આત્માની પ્રસન્નતા પ્રગટ કરી ત્યારે આરોપથી કહે છે કે ભગવાન મારા ઉપર પ્રસન્ન થયા. ભગવાને કહ્યું તે તત્ત્વને જે ઓળખતો નથી તેને ચોરાશીના અવતારનો આરો નહિ આવે, પુણ્ય-પાપથી પાર ચૈતન્ય સ્વભાવને ઓળખવો તે-ભગવાનની પરમાર્થ ભક્તિ છે. જો તેવી ભક્તિ કરે તો ભવનો નાશ થઈ જાય છે.

હવે અઢાર દોષ કયા છે તે કહે છેઃ—

ભય, રોષ, રાગ, ક્ષુધા, તૃષા, દમ, મોહ, ચિંતા, જન્મ ને
રતિ, રોગ, નિદ્રા, સ્વેદ, ખેદ, જરાદિ દોષ અઢાર છે. ૬.

અર્થ :—ક્ષુધા, તૃષા, ભય, રોષ (ક્રોધ), રાગ, મોહ, ચિંતા, જરા, રોગ, મૃત્યુ, સ્વેદ ( પરસેવો ), ખેદ, મદ, રતિ, વિસ્મય, નિંદ્રા, જન્મ અને ઉદ્વેગ (—આ અઢાર દોષ છે).

—આ અઢાર દોષ ભગવાન સર્વજ્ઞ દેવને હોતા નથી.

૧. ક્ષુધા : અર્હંત પરમાત્માને ક્ષુધા ન હોય ને આહાર પણ ન હોય. આઠ વર્ષની વયે સર્વજ્ઞ દશા પ્રગટે ને પછી કરોડો વર્ષો દેહ રહે છતાં ક્ષુધા ન લાગે. જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણવાનું જ્ઞાન સામર્થ્ય પ્રગટ્યું તેને ક્ષુધા ન હોય. તેમનો દેહ આહાર વિના જ પરમ ઔદારિક સ્ફટિક જેવો ટકી રહે છે.

૨. તૃષા : અર્હંત પરમાત્માને પાણી પીવાની ઇચ્છા ન થાય; તૃષા પણ ન હોય ને પાણી ન પીએ. મહાવીર પરમાત્મા અત્યારે સિદ્ધ થઈ ગયા, પણ અઢી હજાર વર્ષ પહેલાં અહીં અર્હંતપણે હતા, અને અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર પરમાત્મા અર્હંતપણે બિરાજી રહ્યા છે. લાખો વર્ષ પહેલાં તેમને કેવળજ્ઞાન થયું છે; પણ ક્ષુધા કે તૃષા તેમને હોતી નથી. ખોરાક કે પાણી વિના તેમનાં દેહ લાખો-કરોડો વર્ષો સુધી એવો ને એવો ટકી રહે છે.

૩. ભય : સર્વજ્ઞ ભગવાનને ત્રણકાળ ત્રણલોક જણાઈ ગયા છે, તેથી તેમને ભય શેનો હોય?

૪. રોષ : એટલે કે ક્રોધ પણ તેમને હોતો જ નથી.

૫. રાગ : ભગવાનને રાગ ન હોય. ભગવાનને ઉપદેશ કરવાની ઇચ્છા નથી હોતી. સહજપણે વાણી ખરે છે, પણ ઇચ્છા નથી. વિહાર પણ સહજપણે થાય છે. વિહાર કરું—એવી રાગરૂપી ઇચ્છા નથી. રાગ તો ૧૨ માં ગુણસ્થાનથી જ ટળી ગયો છે.

૬. મોહ : ભગવાનને મોહ હોતો નથી. મોહ ટળ્યા પછી તો સર્વજ્ઞદશા પ્રગટી છે.

૭. ચિંતા : ભગવાનને ચિંતા હોતી નથી. જ્યાં મોહ સર્વથા ટળી ગયો ને ત્રણકાળ ત્રણલોક જ્ઞાનમાં જણાઈ ગયા ત્યાં ચિંતા શેની હોય?

૮. જરા : કેવળજ્ઞાન થયા પછી લાખો કરોડો વર્ષ સુધી દેહ ટકી રહે છતાં તેમાં વૃદ્ધાવસ્થા લાગુ પડતી નથી. કરચલી પડતી નથી.

૯. રોગ : ભગવાનને શરીરમાં રોગ ન થાય, ને દવા પણ ન હોય. ભગવાનનો આત્મા તો રાગરહિત છે, ને શરીર પણ રોગરહિત છે.

૧૦. મૃત્યુ : ભગવાનને દેહ છૂટતાં મોક્ષ થાય છે પણ ફરીને નવો દેહ ધારણ કરવો પડતો નથી. એટલે ભગવાનને મૃત્યુ નથી.

૧૧. **સ્વેદ** : પરસેવો, ભગવાન ઇચ્છારહિત વિહાર કરે, પણ તેમને થાક ન લાગે, શરીરમાં પરસેવો ન થાય. આત્મામાં અનંતવીર્ય પ્રગટી ગયું ત્યાં નિમિત્ત તરીકે દેહમાં પણ થાક કે પરસેવો હોય નહિ. ભગવાન જમીન ઉપર વિહાર ન કરે, પણ આકાશમાં વિહાર કરે.

૧૨. **ખેદ** : ભગવાનને ખેદ–અણુગમો ન હોય.

૧૩. **મદ** : ભગવાનને અભિમાન હોતું નથી.

૧૪. **રતિ** : એટલે રાગ, પ્રીતિ; ભગવાનને કોઈ ઉપર રતિ હોતી નથી.

૧૫. **વિસ્મય** : આશ્ચર્ય; જ્યાં પૂરું જણાઈ ગયું છે એટલે ભગવાનના જ્ઞાનમાં કાંઈ નવીન છે જ નહિ, તો આશ્ચર્ય કોનું થાય? નવીનતા લાગે તો આશ્ચર્ય થાયને? પણ સર્વજ્ઞપણે બધું પહેલેથી જ જણાઈ ગયું છે ત્યાં આશ્ચર્ય હોતું નથી.

૧૬. **નિંદ્રા** : ત્રણકાળ ત્રણલોકને જાણનાર ચૈતન્યસૂર્ય ઊગ્યો, એટલે ચૈતન્ય અખંડ જણાતું થઈ ગયું, પછી તેમને નિંદ્રા ન હોય. સાતમા ગુણસ્થાનેથી જ નિંદ્રાનો અભાવ છે સ્વરૂપની જાગૃતિનો ભાવ પ્રગટ્યો ત્યાં પ્રમાદરૂપ નિંદ્રા હોતી નથી.

૧૭. **જન્મ** : ભગવાન ફરીને અવતાર ધારણ કરતા નથી. મોક્ષ પામ્યા પછી જગતના જીવોને માટે અવતાર ધારણ કરે એવા ભગવાન ન હોય.

૧૮. **ઉદ્વેગ** : ભગવાનને ઉદ્વેગ હોતો નથી.

—આવા અઢાર દોષ ભગવાનને હોતા નથી. ભગવાનના ગુણો આગળની ગાથામાં કહેશે.

(૧) અશાતાવેદનીય સંબંધી તીવ્ર અથવા મંદ કલેશની કરનારી તે ક્ષુધા છે, (અર્થાત્ વિશિષ્ટ–ખાસ પ્રકારના–અશાતા વેદનીય કર્મના નિમિત્તે થતી જે વિશિષ્ટ શરીર–અવસ્થા તેના ઉપર લક્ષ જઈને મોહનીયકર્મના નિમિત્તે થતું જે ખાવાની ઇચ્છારૂપ દુઃખ તે ક્ષુધા છે.)

આત્માના આનંદમાં લીનતા છે, ત્યાં ક્ષુધા ઉત્પન્ન જ થતી નથી. ક્ષુધામાં નિમિત્ત થાય એવા પ્રકારનું અશાતા કર્મ ભગવાનને નથી. અહીં શરીરની પર્યાયને ક્ષુધા નથી કહી, પણ ખાવાની ઇચ્છારૂપ દુ:ખ થાય તેને ક્ષુધા કહી છે. ઇચ્છારૂપ દુઃખ થાય તો જ શરીરની ક્ષુધાને નિમિત્ત કહેવાય. ભગવાનને ભૂખ લાગે ને ભગવાન આહાર ખાય,–એમ માને તેણે તો ભગવાનને સાધારણ માણસ જેવા માની લીધા છે. ખાવાની ઇચ્છા થાય તેમાં મોહનીયકર્મ નિમિત્ત છે. ભગવાનના શરીરમાં એવા પ્રકારની દશા થતી નથી કે ક્ષુધા લાગે ને ખાવાની ઇચ્છા થાય. તેમને તેવી તીવ્ર

અશાતા પણ નથી ને ખોરાકની ઈચ્છા પણ નથી તથા બહારમાં આહાર પણ હોતો નથી.

(૨) અશાતા વેદનીય સંબંધી તીવ્ર, તીવ્રતર (વધારે તીવ્ર), મંદ અથવા મંદતર પીડાથી ઊપજતી તે તૃષા છે (અર્થાત્ વિશિષ્ટ અશાતા વેદનીય કર્મના નિમિત્તે થતી જે વિશિષ્ટ શરીર-અવસ્થા તેના ઉપર લક્ષ જઈને મોહનીય કર્મના નિમિત્તે થતું જે પીવાની ઈચ્છારૂપ દુઃખ તે તૃષા છે).

સાધારણ અશાતાવેદનીય હોય છે, પણ એવી અશાતા નથી હોતી કે જેથી તૃષા લાગે; પાણી પીવારૂપ ઈચ્છા થાય તે તો મોહ છે. ભગવાનને મોહ હોતો નથી ને તૃષા હોતી નથી. ચૈતન્યના આનંદની તૃપ્તિ વર્તે છે તેમાં પાણીની તૃષા ક્યાંથી હોય?

(૩) ભય : ભગવાનને ભય નથી. ભગવાન કોઈની માળા જપે નહિ કે હથિયાર રાખે નહિ. જેને કોઈનો ભય હોય તે જાપ જપે કે હથિયાર રાખે. આ લોકનો ભય, પરલોકનો ભય, અરક્ષા ભય, અગુપ્તિ ભય, મરણ ભય, વેદના ભય અને અકસ્માત ભય—એમ ભય સાત પ્રકારે છે.

આવા ભગવાનને ઓળખ્યા વિના બધાને સાચા માને તે તો મૂઢતા છે. સર્વજ્ઞ પરમાત્મા કેવા હોય ને તેમણે કહેલો માર્ગ કેવો હોય તે અહીં કુંદકુંદાચાર્યદેવ ઓળખાવે છે. આવા ભગવાનને ઓળખો ને તેમણે કહેલા આત્માના ધર્મને જાણો.

(૪) રોષ : ક્રોધી પુરુષનો તીવ્ર પરિણામ તે રોષ છે.

ભગવાનને રોષ ન હોય. ભગવાન તો ચૈતન્ય અરીસો થઈ ગયા છે. બધાને જ્ઞાતાપણે જાણે છે. કોઈ જીવો ન માને તો તેના ઉપર રોષ થતો નથી. ક્રોધના પરિણામનો જ ભગવાનને તદ્દન અભાવ છે. દુશ્મન ઉપર ક્રોધ કરે તે ભગવાન ન કહેવાય.

(૫) રાગ પ્રશસ્ત અને અપ્રશસ્ત હોય છે. દાન, શીલ, ઉપવાસ તથા ગુરુજનોની વૈયાવૃત્ય વગેરેમાં ઉત્પન્ન થતો તે પ્રશસ્ત રાગ છે, અને સ્ત્રી સંબંધી, રાજા સંબંધી, ચોર સંબંધી તથા ભોજન સંબંધી વિકથા કહેવાના ને સાંભળવાના કૌતુહલ પરિણામ તે અપ્રશસ્ત રાગ છે.

ભગવાન દાન ન આપે. દાનનો ભાવ તે પાપ નથી પણ પુણ્યભાવ છે. તે પ્રશસ્તરાગ છે એટલે કે શુભરાગ છે. જડની લેવા-દેવાની ક્રિયા તો પર છે. તે વખતે ઉત્પન્ન થતો જે શુભરાગ તે પુણ્ય છે. તેવો રાગ ભગવાનને હોતો નથી. પર જીવોને જ્ઞાનદાન દઉં-એવો રાગ ભગવાનને હોતો નથી. એમાં એ વાત પણ આવી ગઈ કે દાનનો ભાવ તે રાગ છે, તે ધર્મ નથી, ધર્મ તો તેનાથી જુદી ચીજ છે. રાગરહિત

આત્માના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા તે ધર્મ છે, ધર્મ અને પુણ્ય બન્ને જુદી ચીજ છે. દાન-શીલ-તપ વગેરેનો શુભભાવ અનંતવાર કર્યો, પણ તે મોક્ષનું કારણ નથી. તેનો અભાવ થાય ત્યારે મોક્ષનું કારણ છે. ભગવાનને તે દાન વગેરેના ભાવનો અભાવ છે. ધર્મ, પુણ્ય અને પાપ એ ત્રણે જુદી ચીજ છે. હિંસાદિ ભાવ તે પાપ છે. દયા-દાનનો ભાવ તે પુણ્ય છે ને અંતરના શ્રદ્ધા-જ્ઞાન કરીને એકાગ્રતા કરવી તે ધર્મ છે. કેવળીને દાન વગેરેનો ભાવ હોતો નથી, આવા કેવળી ભગવાનને જે માને તે જીવ દાન વગેરેના શુભભાવમાં ધર્મ માને નહિ. દાનાદિના શુભરાગમાં ધર્મ માને તો તેણે સર્વજ્ઞ ભગવાનને માન્યા નથી.

એ જ પ્રમાણે શીલ એટલે બ્રહ્મચર્ય વગેરેનો શુભભાવ તે પણ ભગવાનને હોતો નથી. અબ્રહ્મનો ભાવ તે પાપ છે ને બ્રહ્મચર્યનો શુભભાવ તે પુણ્ય છે. ભગવાનને તે બન્ને હોતા નથી.

ઉપવાસનો જે શુભભાવ તે ભગવાનને હોતો નથી. જુઓ, ઉપવાસનો શુભરાગ થાય તે ધર્મ નથી, હું તપ કરું એવી વૃત્તિ ભગવાન અર્હંત પરમાત્માને હોતી નથી. ભગવાન તો વીતરાગ છે, જ્ઞાનાનંદમાં પૂર્ણ મસ્ત થઈ ગયા છે. પ્રશસ્ત રાગમાં દાન, શીલ, તપ અને વૈયાવૃત્ય-એ ચારને મુખ્ય બતાવીને 'વગેરે' એમ કહી દીધું છે. લોકો દાન, શીલ વગેરે શુભભાવમાં ધર્મ માની બેઠા છે, પણ અહીં કહ્યું કે ભગવાનને તેવા ભાવો હોતા જ નથી. ભગવાનને જે ભાવ ન હોય, તે ભાવ તારો ધર્મ નથી. ચૈતન્ય શુદ્ધ ચિદાનંદ જ્ઞાતાદૃષ્ટા છે તેનું ભાન કર્યા વિના ધર્મ થાય નહિ.

ગુરુજનોની વૈયાવૃત્યનો ભાવ ભગવાનને હોતો નથી. ચાર સંઘને ભગવાન નમસ્કાર કરે નહિ. સિદ્ધ ભગવાનને નમસ્કાર કરવાની વૃત્તિ પણ ભગવાનને હોતી નથી. "નમો તીથ્થસ્સ" એમ ભગવાન ન બોલે. છદ્મસ્થ ગુરુ હોય તેનો વિનય ભગવાન ન કરે. વિનયનો કે વંદનનો વિકલ્પ છઠ્ઠા ગુણસ્થાન સુધી જ હોય છે, પછી વંદ્ય-વંદક ભાવનો વિકલ્પ હોતો નથી. તો ભગવાનને તો તે ભાવ ક્યાંથી હોય? ન જ હોય. પોતે પૂર્ણ પરમાત્મદશા પામી ગયા છે. પછી કોને વંદન કરવાનું હોય? મુનિઓ, કેવળી ભગવંતો વગેરે પ્રત્યેનો વિનય-બહુમાનનો ભાવ તે પ્રશસ્ત રાગ છે, તે રાગ ભગવાનને હોતો નથી. રાગ ટળ્યો ત્યારે તો કેવળજ્ઞાન થયું છે, ભગવાનને શુભરાગ હોતો નથી-એ વાત પહેલાં કરી. હવે અપ્રશસ્ત રાગ પણ હોતો નથી એમ કહે છે. ભગવાનની વાણીમાં સ્ત્રીની કથા આવે પણ ભગવાન તો વીતરાગ છે. સ્ત્રી, રાજા, ચોર અને ભોજન સંબંધી વાત કરવામાં કે સાંભળવામાં કુતૂહલ પરિણામ થાય તે ભૂંડા પરિણામ છે, તેવા પરિણામ ભગવાનને હોતા નથી.

(૬) ચાર પ્રકારના શ્રમણ સંઘ પ્રત્યે વાત્સલ્ય સંબંધી મોહ તે પ્રશસ્ત છે અને તે સિવાયનો મોહ અપ્રશસ્ત જ છે.

શ્રમણના ચાર પ્રકાર આ પ્રમાણે છે: (૧) ઋષિ, (૨) મુનિ (૩) યતિ અને (૪) અણગાર. ઋદ્ધિવાળા શ્રમણ તે ઋષિ છે; અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અથવા કેવળજ્ઞાનવાળા શ્રમણ તે મુનિ છે, ઉપશમક અથવા ક્ષપકશ્રેણિમાં આરૂઢ શ્રમણ તે યતિ છે; અને સામાન્ય સાધુ તે અણગાર છે. આ પ્રમાણે ચાર પ્રકારનો શ્રમણ સંઘ છે.

તે ચારે પ્રકારના શ્રમણસંઘ પ્રત્યે વાત્સલ્યનો ભાવ જાગે, ભક્તિનો ભાવ જાગે, તે પ્રશસ્ત મોહ છે. તે મોહભાવ ભગવાનને નથી.

સમ્યગ્દર્શનનાં આઠ અંગ કહ્યાં છે તેમાં વાત્સલ્ય આવે છે. પણ તે તો વ્યવહારની વાત છે. ભગવાનને તેવું વાત્સલ્ય હોતું નથી. કેવળીને બીજા કેવળી પ્રત્યે વાત્સલ્ય એટલે કે પ્રેમ હોતો નથી. વાત્સલ્ય તે પર તરફની લાગણી છે, મોહ છે, તે આત્માનું સ્વરૂપ નથી. સંસારના કુટુંબ વગેરે ઉપરનો પ્રેમભાવ તે અપ્રશસ્ત મોહ છે, તેવો મોહ ભગવાનને હોતો નથી.

ચાર તીર્થ સ્થાપવાનો મોહ ભગવાનને નથી. દિવ્યધ્વનિ સહજપણે છૂટી ને સાંભળનારાએ પોતાના ભાવે સમજીને મુનિદશા વગેરે પ્રગટ કરી, એટલે પોતાની લાયકાતથી જ ચારે તીર્થો થયા ત્યાં નિમિત્ત તરીકે ભગવાનને તીર્થનાં કરનાર કહેવાય છે.

ચારે પ્રકારના શ્રમણો તે વીતરાગી સાધુ છે, આત્માના ભાનસહિત ચારિત્રદશામાં ઝૂલનારાં સંતો છે. ચાર તીર્થ ઉપર ભગવાનને મોહ નથી.

(૭) ધર્મરૂપ તથા શુક્લરૂપ ચિંતન (–ચિંતા, વિચાર) પ્રશસ્ત છે અને તે સિવાયનું (આર્ત્તરૂપ તથા રૌદ્રરૂપ ચિંતન) અપ્રશસ્ત જ છે.

અહીં 'શુક્લધ્યાન' કહેતાં તેનો શુભવિકલ્પ લેવો; ભગવાનને શુક્લધ્યાનની શુભ લાગણી હોતી નથી. પરમ આનંદમાં લીનતારૂપ શુક્લધ્યાન તો હોય છે, પણ તેની ચિંતા એટલે કે વિકલ્પ હોતો નથી.

(૮) તિર્યંચો તથા મનુષ્યોને વયકૃત દેહવિકાર (– વયને લીધે શરીરની જીર્ણ અવસ્થા) તે જ જરા છે.

ભગવાનનો દેહ પણ કરચલી વિનાનો, વૃદ્ધાવસ્થા વિનાનો હોય છે. સાધારણ જીવોને તો ભગવાનના દેહને પણ ઓળખવો કઠણ પડે તેમ છે. ભગવાનનો દેહ પણ આવો હોય છે, તો પછી ભગવાનના આત્માની તો શી વાત! આત્માની પરમાત્મદશા પ્રગટી ત્યાં નિમિત્ત તરીકે દેહ પણ આવો હોય છે કે તેમાં વૃદ્ધાવસ્થા લાગુ પડતાં નથી. લાખો કરોડો વર્ષ રહે તોપણ તેમને દેહમાં કરચલી વગેરે ન હોય. દેહ એવો ને એવો છેવટ સુધી રહે છે.

(૯) વાત, પિત્ત અને કફની વિષમતાથી ઉત્પન્ન થતી કલેવર (-શરીર) સંબંધી પીડા તે જ રોગ છે.

ભગવાનને ઝાડો થાય નહિ, તીર્થંકર ભગવાનને તો જન્મથી જ ઝાડો-પેશાબ હોતા નથી. ત્રણે કાળે ભગવાન આવા જ હોય છે. અત્યારે સીમંધર પરમાત્મા આવી દશામાં મહાવિદેહમાં બિરાજી રહ્યા છે, ને આવો ધોખ માર્ગ પ્રરૂપી રહ્યા છે; વાણી છૂટે છે પણ ઇચ્છા નથી.

ઇન્દ્રને રોગ ન થાય, તો તે ઇન્દ્રો જેને પૂજે એવા ભગવાન સર્વજ્ઞ પરમાત્માને રોગ થાય—એમ બનતું જ નથી. ભગવાનને રોગ થાય ને ભગવાન દવા લ્યે-એ તો બધી તુચ્છ વાતો છે, તેવું ભગવાનનું સ્વરૂપ નથી. જ્યાં આત્માની પૂર્ણ પવિત્રતા થઈ ગઈ ત્યાં તેની સાથેના પુણ્યનું નિમિત્ત પણ એવું જ હોય કે રાગાદિ ન થાય.

(૧૦) સાદિ-સનિધન, મૂર્ત ઇંદ્રિયોવાળા, વિજાતીય નરનરકાદિ વિભાવવ્યંજન પર્યાયનો જે વિનાશ તેને જ મૃત્યુ કહેવામાં આવ્યું છે.

આત્મા અનાદિ અનંત છે ને આ દેહ તો આદિ અને અંતવાળો છે. આત્મા અમૂર્ત અતીન્દ્રિય છે. દેહ તો મૂર્ત ઇન્દ્રિયવાળો છે. આત્મા ચૈતન્યસ્વભાવી છે. આ દેહ તેનાથી વિજાતીય છે. આવી વિભાવ વ્યંજન પર્યાયનો જે વિનાશ તેને મરણ કહેવાય છે. એક દેહ છોડીને બીજો દેહ ધારણ કરે છે. ત્યાં દેહનો વિનાશ થાય તેને મૃત્યુ કહે છે. પણ ભગવાન તો દેહ છૂટતાં મુક્ત સિદ્ધ પરમાત્મા થાય છે, એટલે તેમને મૃત્યુ કહેવાતું નથી. લોકોને દેહ છૂટે તેને મૃત્યુ કહેવાય ને સર્વજ્ઞ પરમાત્માને દેહ છૂટે તેને મુક્તિ કહેવાય. ભગવાનને મૃત્યુ હોતું નથી.

આવા દોષરહિત ભગવાનને ઓળખવા જોઈએ. આવા ભગવાનની શ્રદ્ધા તે તો વ્યવહાર સમ્યક્ત્વ છે ને ભગવાને કહ્યો તેવા પોતાના ચૈતન્યસ્વભાવની શ્રદ્ધા તે પરમાર્થ સમ્યક્ત્વ છે. (-ક્રમશઃ)

—૦—

વિકલ્પ સહિત પહેલાં પાકો નિર્ણય તો કરે કે રાગથી નહીં, નિમિત્તથી નહીં, ખંડખંડ જ્ઞાનથી નહીં, ગુણ-ગુણીના ભેદથી પણ આત્મા જણાતો નથી—એમ પહેલાં નિર્ણયનો પાકો સ્થંભ તો નાંખે! એટલે પર તરફનું વીર્ય તો ત્યાં જ અટકી જાય છે, ભલે સ્વસન્મુખ વળવું હજી બાકી છે... વિકલ્પવાળા નિર્ણયમાં પણ હું વિકલ્પવાળો નહીં એમ તો પહેલાં દૃઢ કરે! નિર્ણય પાકો થતાં રાગ લંગડો થઈ જાય છે, રાગનું જોર તૂટી જાય છે. વિકલ્પ સહિતના નિર્ણયમાં સ્થૂળ વિપરીતતા અને સ્થૂળ કર્તવ્ય છૂટી જાય છે અને પછી અંદર સ્વાનુભવમાં જતાં નિર્ણય સમ્યક્‌રૂપે થાય છે.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

[ ધન્ય તે દિવસ...પાનું ૬ થી ચાલુ ]

નહિ, તેવી દશા જોઈએ છે. શરીર મારું નથી, મારે જોઈતું નથી. તે મારાથી રહ્યું નથી. જેને તે જોઈતું હોય તે લઈ જાઓ. શરીર મારે જોઈતું નથી ને વાઘ-સિંહને જોઈતું હોય તો ભલે લઈ જાય; તે મારા મિત્ર છે. સમકિતી આવી વીતરાગતાની ભાવના ભાવે છે.

ચક્રવર્તીના રાજકુમારો, જાણે પુણ્યનાં પૂતળાં—તેમને અંદરમાં ભાન વર્તે છે કે હું આ બહારના વૈભવમાં ક્યાંય નથી. તેઓ ભાન સહિત અંદરમાં જ જવા માગે છે. તેઓ જંગલમાં જવા ચાલી નીકળે છે ત્યારે પોતાની માતા પાસે રજા માગે છે: હે જનેતા! તું મને રજા દે, હું મારા આનંદના નાથ પાસે જવા માગું છું. માતા! હવે અમને એક ક્ષણ પણ બહાર ગમતું નથી. આ રત્નોના મહેલો ને રાણીઓમાં ક્યાંય મારો આનંદ નથી. આત્મા આનંદનો નાથ છે તે મેં ભાળ્યો છે. માતા! એક વાર તારે રોવું હોય તો તું રોઈ લે, અમે કોલકરાર કરીએ છીએ કે હવે ફરીને બીજી માતા કરશું નહિ. અમે તો અંદરમાં જઈને ભવનો અભાવ કરશું. અમે તો અતીન્દ્રિય આનંદરસના રસિયા છીએ. માતા! તે રસ લેવા અમે જંગલમાં એકલા ચાલ્યા જઈશું. અહાહા! એ પુરુષાર્થ કેટલો હશે? પાંચમાં આરામાં પણ સમકિતીને તો આવી જ ભાવના હોય છે. બાપુ! મારગ તો આ છે!

અહા! કેવા શબ્દો છે બેનના! 'ધન્ય તે દિવસ કે જયારે બહાર આવવું જ ન પડે.' એ મહાપુરુષાર્થી મહાજ્ઞાનીઓ આનંદના અનુભવમાં—એક વીતરાગ ભાવમાં જ—મશગૂલ, લીન થઈ ગયા છે. તે દશા અમને હો. તે અવસર ક્યારે આવે એવી ભાવના ધર્મીને હોય છે. ધન્ય તે દિવસ કે જયારે બહાર આવવું જ ન પડે. અહાહા! આનંદમાં સમાયા તે સમાયા. 'શ્રીમદ્ રાજચંદ્ર'માં આવે છે કે—સમજ્યા તે સમાઈ ગયા, અંદરમાં જ ઠરી ગયા.

—o—

## 'ગુરુદેવશ્રીનાં વચનામૃત'-શિલાપટ-સ્થાપન

# મંગલ સમારોહ

શ્રી નંદીશ્વર-જિનાલયની નીચેની દિવાલોમાં 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' ઉત્કીર્ણ સંગેમરમરના ધવલ શિલાપટ લગાડવાની સમારોહપૂર્વક મંગળ વિધિ ~~કારતક સુદ ૧~~ આસો વદ ગુરુવાર, તા. ~~૨૧-૧૦-૬૮~~ (~~નૂતન વર્ષારંભ~~) ના શુભ દિને રાખવામાં આવી છે. આ ભવ્ય અવસર પર ગુરુભક્ત બધા મુમુક્ષુઓને સોનગઢ પધારવાનું ભાવભીનું આમંત્રણ છે. *

## સુવર્ણપુરી સમાચારઃ—

* શ્રી દસ-લક્ષણ પર્યુષણપર્વ તથા ક્ષમાવણી પર્વ દશલક્ષણધર્મમંડલવિધાન પૂજા તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની ઉપાસનાપૂર્વક સારી રીતે ઊજવવામાં આવ્યા હતાં. પર્વના દિવસોમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં દર્શન તથા સ્વાનુભવમુદ્રિત અમૃતવાણીનો લાભ પણ મુમુક્ષુઓને સારા પ્રમાણમાં મળ્યો હતો. ક્ષમાવણી-પર્વના દિવસે રાજકોટ, ભાવનગર વગેરે સૌરાષ્ટ્રનાં અનેક નગરોથી લગભગ ૫૦૦ થી વધુ મુમુક્ષુઓ ક્ષમાપના નિમિત્તે પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના દર્શનાર્થે પરમપૂજ્ય ગુરુદેવશ્રીની પાવન સાધનાભૂમિ-સોનગઢ આવ્યા હતા. તેમાં ખાસ તો શ્રી રાજકોટ દિ. જૈનસંઘના માનદ મંત્રી શ્રી પ્રાણલાલભાઈ ત્રિભોવનદાસ ખારા, ચાર બસની વ્યવસ્થા કરીને, ૨૦૦ થી અધિક મુમુક્ષુઓને લઈને સાધનાભૂમિની પવિત્ર યાત્રા તથા પૂજ્ય બહેનશ્રીનાં દર્શન અને વાણીનો લાભ લેવા આવ્યા હતા. વાંચન પછી પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવ્ય વિશાલ ચિત્રપટની સમક્ષ ગુરુ-ક્ષમાપના વિધિ અને પૂજ્ય બહેનશ્રીના દર્શન ક્ષમાપના અને વચનામૃતનો લાભ ભવ્ય અને આનંદકારી રહ્યો.

* આસો વદ ૧૧, શનિવાર તા. ૨૦-૧૦-૮૪ થી આસો વદ ૦)), બુધવાર, તા. ૨૪-૧૦-૮૪-પાંચ દિવસ સુધી શ્રી મહાવીર-નિર્વાણોત્સવ શ્રી પંચકલ્યાણક-પૂજા-વિધાન પૂર્વક ઊજવવામાં આવશે.

* કાર્તિકી-અષ્ટાહ્નિકા-મહોત્સવ : કારતક સુદ ૮, બુધવાર, તા. ૩૧-૧૦-૮૪ થી કારતક સુદ ૧૫, ગુરુવાર, તા. ૮-૧૧-૮૪-નવ દિવસ સુધી શ્રી નંદીશ્વર-અષ્ટાહ્નિકા-મહોત્સવ પંચમેરુ-નંદીશ્વરમંડલવિધાનપૂજા પૂર્વક ઊજવવામાં આવશે.

* દસ-લક્ષણ પર્યુષણપર્વ પ્રસંગે, સોનગઢમાં સત્સમાગમનો લાભ લેવા રહેતા કેટલાક મુમુક્ષુ ભાઈબહેનો, જેમની આજીવિકાની સ્થિતિ નબળી હોય તેમના માટે, '**સાધર્મીવાત્સલ્ય ફંડ**'માં રૂા. ૮૦૦૦/— વિભિન્ન મુમુક્ષુ ભાઈબહેનો તરફથી જાહેર કરવામાં આવ્યા હતા.

* પર્યુષણપર્વ પ્રસંગે આરતી, તેમ જ રથયાત્રાની ઉછામણીમાં કુલ રૂા. ૪૫૦૦/—ની સંસ્થાને આવક થઈ છે.

* મદ્રાસ મુમુક્ષુમંડળના અધ્યક્ષ જણાવે છે કે—પર્યુષણપર્વમાં શાસ્ત્રવાંચન માટે વિદ્વાન પં. શ્રી હિંમતલાલ છોટાલાલ ઝોબાળિયા સોનગઢથી પધાર્યા હતા તેમની સરળ, સાદી અને વિવિધ દૃષ્ટાંતોથી ભરપૂર શૈલીથી શ્રોતાઓને તેમનાં પ્રવચનોમાં સારો રસ પડતો હતો. આનંદોલ્લાસ સહ ઉજવાયેલ પર્યુષણના આ પાવન પ્રસંગે મદ્રાસ-મુમુક્ષુમંડળને રૂા. એક લાખ, દક્ષિણ ભારતના મુમુક્ષુઓ તરફથી સોનગઢમાં અત્યંત ઉત્સાહપૂર્વક ઊજવવામાં આવનાર પૂજ્ય ગુરુદેવશ્રીની આગામી (૯૬ મી) જન્મજયંતી ખાતે તથા રૂા. એક લાખ સ્થાનિક ફંડ ખાતે—એમ રૂા. બે લાખની આવક થઈ છે.

※ શ્રી નાનાલાલભાઈ જસાણીના પરિવાર તરફથી સ્વ. શ્રી ઈન્દુભાઈ જસાણીના સ્મરણાર્થે રૂા. ૧૫૦૦૧/—શ્રી નંદીશ્વરજિનાલયમાં નીચે પંચપરમેષ્ઠીયુક્ત પૂજ્ય ગુરુદેવના (આરસના) વિશાલ ચિત્રપટ માટે જાહેર કરવામાં આવ્યા છે.

* પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું હીરાથી બહુમાન કરવાનો અમૂલ્ય લાભ મળ્યો તેની ખુશાલીમાં રૂા. ૪૦૦૬/— શ્રી પ્રભુદાસ તારાચંદ કામદાર (સોનગઢ) તરફથી શ્રી નંદીશ્વરજિનાલય વગેરે ખાતે જાહેર કરવામાં આવ્યા છે.

※ લંડનથી મુમુક્ષુ ભાઈ શ્રી પ્રેમચંદભાઈ શાહ જણાવે છે કે–અત્રે શ્રી પર્યુષણપર્વ ખૂબ સારી રીતે ઉજવાયું છે, શાસ્ત્રવાંચનમાં લગભગ ૧૦૦ ભાઈબહેનોની સંખ્યા થતી હતી. પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલમય અધ્યાત્મવાણીથી પ્રભાવિત ભાઈબહેનોનું 'લંડન–દિગંબર જૈન મુમુક્ષુમંડળ' સ્થાપવાની યોજનાને તેઓ હવે વ્યવસ્થિત આકાર આપી રહ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવની સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મવાણી ટેપ–કેસેટનો પ્રચાર કરી રહ્યા છે. જે લંડન તેમ જ બ્રિટનવાસી જિજ્ઞાસુઓએ તેનો લાભ લેવો હોય તેઓ નીચેના સરનામે અથવા ફોન પર તેમની સાથે સંપર્ક સાધે.

Shree Premchandbhai Shah
52 ,Tiverton Road,
Hounslow, Middlesex U. K. London ( U. K. ) T. W .3. 4. J. D.
રાજેશકુમાર શાહ–01–572 1618 London U.K.
મંજુલાબેન શાહ 01–428 2127 Londan U. K.

---

## આગરામાં આધ્યાત્મિક શિક્ષણશિબિર

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ બતાવેલા માર્ગ પર ચાલવાની પવિત્ર ભાવનાથી, આગરા નગરમાં તા. ૨૯–૧૦–૮૪ થી તા. ૯–૧૧–૮૪ સુધી 'જૈનદર્શન આધ્યાત્મિક શિક્ષણશિબિર' ચલાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ બતાવેલા માર્ગાનુસાર પ્રવચનો તથા સાંસ્કૃતિક કાર્યક્રમો માટે અધ્યાત્મવિષયજ્ઞ વિદ્વાનોને આમંત્રણ આપવામાં આવ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોની તથા પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની વિડિયો-ટેપનો પ્રોગ્રામ પણ રોજ રાખવામાં આવ્યો છે.

આ આધ્યાત્મિક શિક્ષણશિબિરનો લાભ લેવા માટે બધા અધ્યાત્મપ્રેમી મુમુક્ષુઓને ભાવભીનું આમંત્રણ છે. આવાસ તેમ જ ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

પધારવાની સ્વીકૃતિ નીચેના સરનામે અગાઉથી દેવા વિનંતી છે, જેથી વ્યવસ્થા બરાબર થઈ શકે.

શ્રી દિ૦ જૈન શિક્ષણશિબિર–સમિતિ
'ચૈતન્ય વિલાસ', ૩૨૦, એમ જી. રોડ, આગરા–૨

## વૈરાગ્ય સમાચાર :—

* રાજકોટનિવાસી શ્રી જયસુખલાલ પોપટલાલ સંઘાણી ( બ્ર. શારદાબેનના પિતાશ્રી ) તા. ૫–૮–૮૪ ના રોજ હાર્ટએટેકથી સ્વર્ગવાસ પામ્યા છે.
* દામનગરનિવાસી ( હાલ-મલાડ ) શ્રી પોપટલાલ જુઠાલાલ જોબાળિયા ( વર્ષ-૭૦ ) તા. ૧૫–૮–૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* વાંકાનેરનિવાસી સ્વ. શાહ કરશનજી હરજીવનના ધર્મપત્ની– દિવાળીબેન ( વર્ષ-૮૦ ) તા. ૨૭-૮-૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* વિંછીયાનિવાસી ( હાલ-અમલનેર ) શ્રી હરિલાલ રતનસીભાઈ મધીયા ( વર્ષ–૮૧ ) તા. ૧૩–૯–૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* બોટાદનિવાસી શ્રી અંબાલાલ શાંતિલાલ ગાંધી ( વર્ષ–૮૦ ) તા. ૧૩–૬–૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* વાંકાનેરનિવાસી સ્વ. વનેચંદ રાઘવજી મહેતાના ધર્મપત્ની જેકુંવરબેન ( વર્ષ-૭૪ ) તા. ૧૩–૯–૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* રાજકોટવાળા શ્રી નાનાલાલભાઈ જસાણીના પુત્ર ઇન્દુભાઈ ( વર્ષ-૬૭ )નો દેહવિલય, તા. ૨૯–૮–૮૪ ભાદરવા સુદ–૩ ના રોજ થયો છે. તેમને પૂજ્ય કૃપાળુ ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી બેનશ્રી પ્રત્યે ભક્તિ હતી. સોનગઢ જિનમંદિરમાં બિરાજમાન શ્રી સીમંધર ભગવાનને લેવા તેઓ પૂજ્ય બેનશ્રી સાથે જયપુર ગયા હતા. સોનગઢમાં નિર્મિત શ્રી સીમંધરસ્વામી–જિનમંદિરની તથા શ્રી માનસ્થંભની પ્રતિષ્ઠામાં ઉલ્લાસ પૂર્વક ભાગ લીધો હતો. તેમ જ ફિલ્મ પણ તેમણે ઉતારી હતી.
* નાઈરોબી દિ. જૈન મુમુક્ષુમંડળના પ્રમુખ શ્રી જેઠાલાલભાઈ દેવરાજ શાહ (લગભગ વર્ષ–૭૫) નું ટૂંકી બિમારીથી નાઈરોબીમાં તા. ૧૯–૯–૮૪ના રોજ દેહાવસાન થયું છે. શ્રી જેઠાલાલભાઈને પૂજ્ય ગુરુદેવશ્રી, પૂજ્ય બહેનશ્રી અને પૂજ્ય ગુરુદેવની સાધનાભૂમિ પ્રત્યે અપાર ભક્તિભાવ હતો. નાઈરોબીના દિ. જિનમંદિરના નિર્માણ તેમ જ પ્રતિષ્ઠામાં તથા ગુરુભક્તિમાં તેમણે વિવિધ પ્રકારે સારો લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવની ૯૫મી જન્મજયંતી પ્રસંગે સોનગઢ આવીને તેમણે જન્મજયંતી-ઉત્સવનો તથા પૂજ્ય બહેનશ્રીના પવિત્ર સમાગમનો ઉલ્લાસ સહ સારો લાભ લીધો હતો. શરીર વ્યાધિગ્રસ્ત થતાં, બાહ્ય પ્રવૃત્તિઓ બંધ કરીને તેઓ પોતાના પરિણામ આત્મા તરફ વાળવાનો પ્રયાસ કરતા હતા, પરિવારને તથા મુમુક્ષુમંડળને પૂજ્ય ગુરુદેવ, પૂજ્ય બહેનશ્રી તથા તીર્થધામ સોનગઢ પ્રત્યે અનન્ય શ્રદ્ધા-ભક્તિ રાખવાની પ્રેરણા આપ્યા કરતા હતા. તેમના ચિરવિયોગથી નાઈરોબી મુમુક્ષુમંડળને ન પૂરી શકાય એવી એક મોટી ખોટ પડી છે.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અસીમ કૃપા વડે પ્રાપ્ત આત્મસંસ્કારબળે સદ્‌ગત આત્માઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં આત્મોન્નત્તિ પામો એજ ભાવના.